RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 36* Date: 25.11.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગાય-ભેંસના દુધમાંથી જ આવક થતી હતી, હવે છાણમાંથી પણ થશે' : નરેન્દ્ર મોદી

## મોદીએ ૪ જનસભા સંબોધન કર્યું હતું જેમાં પાલનપુર, દહેગામ, અરવલ્લી અને બાવળામાં વિજય સંકલ્પ સંમેલનમાં જનસભા સંબોધી



પાલનપુર,તા.૨૪

વિધાનસભાની ચૂંટણીના એક સપ્તાહ પહેલા ભાજપે પ્રચાર માટે સંપૂર્ણ તાકાત હોમી દીધી છે. ત્રણ દિવસનાં ગુજરાત પ્રવાસનાં એક દિવસ બાદ પ્રધાનમંત્રી ફરી બે દિવસના મિશન પ્રચાર પર નીકળ્યા છે અને ઉત્તર તેમજ મધ્ય ગુજરાતમાં ચૂંટણી સભાઓ ગજવી હતી પાલનપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જાહેરસભાને સંબોધન કર્યું હતું જેમાં કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા, સંસદ પરબત પટેલ, રાજ્યસભાના સંસદ દિનેશ અનાવાડીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી સહિત દાંતા, પાલનપુર, વડગામ, ડીસા અને ધાનેરાના ભાજપના ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતાં સભા સ્થળે મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકો ઉમટી પડ્યા હતાં. પીએમ મોદીએ કહ્યું, ૨૦૧૭ની ચૂંટણી તમને બધાને યાદ હશે અથવા ભૂલી ગયા છો. તમને એ યાદ હશે કે કેટલાય કમળ નહતા ખીલ્યા. એ વખતે ચૂંટણી સભાઓના છેલ્લા દિવસો હતા અને હું અહીં આવ્યો હતો મારો અવાજ ખરાબ હોવાથી હું એક શબ્દ પણ બોલી નહોતો શક્યો પણ તમે બહુ પ્રેમ આપ્યો હતો. અવસર ચૂંટણીનો છે પણ હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું કારણકે તમે વોટ તો ભાજપને જ આપવાના છે.

પીએમ મોદીએ કહ્યું, તમને પસ્તાવો થતો હશે પણ હવે તમે આ વિસ્તારમાં કમળ ખિલાવવાનો નીર્ધાર કર્યો છે. હું હમણાં હમણાં બનાસકાંઠામાં બહુ વખત આવ્યો એટલે મને ખબર પડી વાતાવરણ વાવાઝોડા જેવું છે. આ ચૂંટણી ધારાસભ્યો કે સરકારી બનાવવાની નથી આ ચૂંટણી તો આગામી ૨૫ વર્ષમાં પ્રગતિ થાય તેના માટે છે. પીએમ મોદીએ કહ્યું, હું આજે પાલનપુરમાં આવ્યો છું તો મારું ધ્યાન પાંચ ૫ ઉપર જાય છે. પર્યટન ,પર્યાવરણ ,પાણી,પશુધન અને પોષણ... હું આ પાંચ જ મુદાને મારા દિલ દિમાગમાં મારા બનાસકાંઠા, મારા ગુજરાત અને ભારત માટે સીધી રેખાનો રોડ મેપ પડ્યો છે એ તમારા ધ્યાનમાં આવશે. પીએમ મોદીએ કહ્યું, પર્યટનના કારણે દુનિયા ખુબજ નાની થઈ ગઇ છે. બનાસકાંઠાની અંદર ઉત્તર ગુજરાતમાં જ્યાં આટલું સરસ રણને આપણે તોરણ બનાવી દીધું છે ત્યાં વિકાસની કેટલી સંભાવના છે. ધરોઈ.માં અંબા અને હવે તો માં નડાબેટ નડેશ્વરી, રણ, પાટણની વાવ અને પેલી બાજુ કચ્છનું રણ... હમણાં ગબ્બર ઉપર લાઈટિંગ શો કર્યો... માં અંબાનું ધામ બદલી રહ્યું છે.પીએમ મોદીએ કહ્યું, આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર દુનિયા ભરના લોકો આવે છે તો મારા ધરોઈ ઉપર કેમ ન આવે. ધરોઈથી અંબાજી સુધી ઈકો ટુરિઝમ,યુવાનોને આકર્ષે તેવું પર્યટન ૧૧૦૦ કરોડના ખર્ચે કરવાનું કામ ભૂપેન્દ્રભાઈ એ કર્યું છે. પાટણની વાવની દુનિયામાં ગુંજ છે પીએમ મોદીએ કહ્યું, ૫૦૦ રૂમની હોટલ બનાવવી હોય તો ૫૦૦ કરોડ જોઈએ પણ આપણે સ્સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં ૫૦૦ હોમ ટેક બનાવ્યા જેના કારણે ત્યાંના લોકોને રોજગારી મળવા માંડી છે. પીએમ મોદીએ કહ્યું, આપણું ગુજરાત ગ્રીન હાઈડ્રોજનનું હબ બનવાનું છે. કચ્છ સુધીનો આખો પટ્ટો ગ્રીન હાઈડ્રોજન હબ બનશે. આવનાર દિવસોમાં તમારી ગાડીઓ ગ્રીન હાઈડ્રોજનથી ચાલશે. બનાસડેરીએ ગોબરગેસનો પ્લાન્ટ બનાવ્યો છે. તમારી વાહનોની અંદર બાયોફીલ હશે તેના કારણે પર્યાવરણની રક્ષા થશે અને તમારા વાહનની એનર્જી વધશે તો પશુપાલકની આવક વધશે.

પીએમ મોદીએ કહ્યું, બનાસકાંઠામાં લોકોને ટપક સિંચાઈ અપનાવીને પાણી બચાવ્યું.. દરેક જિલ્લામાં ૭૫ અમૃત તળાવો બનાવ્યા.. અહીં પાણી માટે લોકો વલખા મારતા અને સુજલામ સુફલામ યોજનાની વાત કરતો તો લોકો મારી મજાક ઉડાવતા. પણ આજે સુજલામ સુફલામ અને નર્મદા યોજનાથી આ વિસ્તારમાં કાયા પલટ થઈ છે. પીએમ મોદીએ કહ્યું, જે રીતે લોકોને ટીકાકરણ કર્યું તેમજ પશુઓને પણ ટીકાકરણનું કામ હું કરી રહ્યો છું..૧૩૦૦ કરોડનું ખર્ચ.. તમે આ વખતે વોટ આલવા જાઓ ત્યારે તમારા ૨૫ વર્ષનો વિચાર કરજો અને વિકાસનો વિચાર કરીને વોટ આપજો...પીએમ મોદીએ કહ્યું, બનાસકાંઠામાં મોટું ઈન્ફાસ્ટ્રક્ચર બનવાનું છે. આખા ભારતનો સમાન કંડલા પોર્ટ ઉપર જવાનું છે તો વાયા પાલનપુર થઈને જવાનું છે. હવે ઉજ્જ્વળ દિવસનો બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના થવાના છે. મારે બનાસકાંઠા પાટણ કચ્છ આ દુર્ગમ વિસ્તારથી હું પરિચિત છે. મને તમે દિલ્હીમાં બેસાડ્યો છે તો તમારા કામમાં તો આવુંને પણ તમે જ કામમાં ન લો તો. આ વખતે રેકોર્ડ બ્રેક મતદાન કરો..તમે લોકોસભામાં મને ખુબ મત આપ્યા તેનો પણ આ વખતે રેકોર્ડ તોડી નાખો.

## ડીસઈન્વેસ્ટમેન્ટ માટે જલદી સંપત્તિઓ શોધી કાઢવા સરકારની કવાયત

નવીદિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે તમામ મંત્રાલયો અને વિભાગોને નવી સંપત્તિઓની ઓળખ કરવા જણાવ્યું છે જેથી તેને વેચી પૈસા ઉભા કરી શકાય અને આ વસ્તુ વેચી પૈસા ઉભા કરવાની પ્રક્રિયાને પાટા પર લાવી શકાય. વસ્તુ વેચી પૈસા ઉભા કરવાની ગતિ આ નાણાકીય વર્ષ માટેના બજેટ લક્ષ્યાંક કરતાં ઘણી ઓછી છે.

૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૧.૬ લાખ કરોડના મહેસૂલ પ્રાપ્તિના લક્ષ?યાંક સામે પ્રથમ સાત મહિનામાં વસ્તુ વેચી પૈસા ઉભા કરવાથી સરકારની આવક માત્ર રૂ. ૩૩,૪૪૩ કરોડ રહી છે. કેન્દ્રને હવે આશા છે કે, નવી સંપત્તિઓના વેચાણથી મહેસૂલ બજેટ અંદાજ કરતા વધારે ૧.૨૪ લાખ કરોડ રૂપિયા સુધી આવી જશે.

આ મામલા સાથે સબંધિત એક જાણકારે ઈને જણાવ્યું હતું કે, રેલવે, ટેલિકોમ અને પેટ્રોલિયમ સહિતના ઘણા મંત્રાલયો એવા છે જે લક્ષ?યથી ઘણા દૂર છે. તેમને આ દિશામાં ગતિ ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું છે. રેલવેને રૂ. ૩૦,૦૦૦ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે જ્યારે તેની આવકનો અંદાજ અત્યાર સુધીમાં રૂ. ૪,૯૯૯ કરોડની નજીક પહોંચી ગયો છે. ટેલિકોમ મંત્રાલયને રૂ. ૨૦,૧૮૦ કરોડનો લક્ષ?યાંક આપવામાં આવ્યો છે જ્યારે માત્ર રૂ. ૪,૭૦૦ કરોડની સંપત્તિનું વેચાણ જ પ્રક્રિયા હેઠળ છે. આ નાણાકીય વર્ષના અંત સુધીમાં આ મંત્રાલયની કોઈપણ સંપત્તિનું વેચાણ કરી પૈસા ઉભા કરવાની કોઈ સંભાવના દેખાઈ રહી નથી.

આ જ પ્રમાણે પેટ્રોલિયમ મંત્રાલયને વસ્તુ વેચી પૈસા ઉભા કરી ચાલુ નાણાકીય વર્ષ માટે રૂ. ૯,૧૭૬ કરોડની આવકનો લક્ષ?યાંક આપવામાં આવ્યો હતો પરંતુ અત્યાર સુધીમાં તે રૂ. ૨૦૦૦ કરોડની નજીક પહોંચવામાં સફળ રહ્યું છે.

જે મંત્રાલયો તેમના લક્ષ્યાંકને પૂર્ણ કરી શક્યા નથી તેમને નવી સંપત્તિની ઓળખ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ મામલાને લગતા જાણકાર વ્યક્તિએ એમ પણ જણાવ્યું કે સરકાર આ સંબંધમાં મંત્રાલયો અને વિભાગોને એક માર્ગદર્શિકા પણ મોકલી રહી છે. તેમના મતે આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે ઘણા મંત્રાલયો અને વિભાગોએ પહેલાથી જ ઓળખાયેલી ઘણી સંપત્તિઓનું વેચાણ કરી પૈસા ઉભા કરવાનું બંધ કરી દીધું છે.

## વિશ્વનું વિશાળકાય વિમાન એરબસ બેલુગા પ્રથમ વાર મુંબઈ એરપોર્ટ પર ઉતર્યુ

મુંબઈ,તા.૨૪

વિશ્વમાં સૌથી વિશાળકાય વિમાન એરબસ બેલુગાએ પ્રથમવાર મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરાણ કર્યુ હતું. હસતી વ્હેલના આકારવાળુ આ વિમાન જોવા માટે એરપોર્ટ પર મોટી સંખ્યામાં લોકો જમા થયા હતા.

વ્હેલ આકારનું આ વિમાન દુનિયાના સૌથી વિશાળ વિમાનો માનું એક છે. આ કાર્ગો વિમાનનો ઉપયોગ લકઝરી સામાનોની હેરફેર માટે થાય છે. વિમાનના વિશિષ્ટ આકાર અને રંગના કારને લોકો અચરજથી જોયા કરે છે અને ફોટા પાડવા લાગે છે. આ કાર્ગો પ્લેન એક વારમાં ૪૭૦૦૦ કિલો વજન ઉઠાવવાની ક્ષમતા ધરાવે છે. એરબસ બેલુગા ૫૬ મીટર લાંબુ અને ૪૫ મીટર પહોળું છે. એર બસ બેલુગાનું નિર્માણ ફ્રાંસની એક કંપનીએ કર્યુ છે. એરબેસ બેલુગાને એ૩૦૦-૬૦૮ એસ ટી ના નામથી પણ ઓળખવામાં આવે છે. એરબસની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર જુદા જુદા આકારની અને વજન ધરાવતી વસ્તુઓના પરિવહન માટે વ્હેલ આકારના સુપર ટ્રાન્સપોર્ટરને ૧૯૯૫માં પ્રથમ વાર લોંચ કરવામાં આવ્યું હતું. શરુઆતમાં કંપનીની પોતાની ઔધોગિક એરલિફ્ટની જરુરીયાતો માટે વિમાન કામ કરતું હતું. હાલમાં બેલુગા એકસએલની સુધારેલી છઠ્ઠી પેઢી કાર્યરત છે.

આ વિમાન નેવી અને સ્પેસ સહિત વિવિધ સ્થળોએ વિશાળ કાર્ગો પરિવહનનો વિકલ્પ આપે છે. ગત રવીવારે ઈંધણ ભરાવવા અને ચાલક સભ્યોના આરામ માટે અમદાવાદથી કોલકતાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતર્યુ હતું જયારે મુંબઈમાં પ્રથમ વાર જ ૨૩ નવેમ્બરે પ્રથમ વાર જ એરબસ બેલુગાનું આગમન થયું હતું.

## મુંબઈમાં ઓરીએ હાહાકાર મચાવ્યો, ૮ મહિનાના બાળકનું મોત, અત્યાર સુધીમાં ૧૨ના મોત

મુંબઈ,તા.૨૪

ઓરીના કારણે મુંબઈમાં હલચલ મચી ગઈ છે. અહીં આ બીમારીના કારણે આઠ મહિનાના બાળકનું મોત થયું હતું. આ સાથે જ આ રોગથી મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ છે. તેના વધતા જતા કેસોને જોતા કેન્દ્ર સરકારે બુધવારે એક એડવાઈઝરી જારી કરી હતી. કેન્દ્ર સરકારે બુધવારે કહ્યું કે તે ખાસ કરીને બિહાર, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કેરળ અને મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં કેસોની વધતી સંખ્યાને લઈને ચિંતિત છે. આ માટે રાજ્યોને સલાહ આપવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું કે મુંબઈમાં ઓરીના ૧૩ નવા કેસ નોંધાયા છે. આ સાથે આ વર્ષે સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૨૩૩ થઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે આ બીમારી મુંબઈમાં તબાહી મચાવી રહી છે. ભિવંડીના આઠ મહિનાના બાળકનું મંગળવારે સાંજે મુંબઈની એક હોસ્પિટલમાં મોત થયું હતું. સરકારી નિવેદન અનુસાર, ૨૦ નવેમ્બરના રોજ બાળકના આખા શરીર પર ફોલ્લીઓ થઈ ગઈ હતી અને તેને મંગળવારે સાંજે મ્યુનિસિપલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ કલાકોમાં તેનું મૃત્યુ થયું હતું.

કેન્દ્ર સરકારે કહ્યું કે તે ખાસ કરીને બિહાર, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કેરળ અને મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વધી રહેલા કેસોને લઈને ચિંતિત છે. આ માટે રાજ્યોને સલાહ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે રાંચી, અમદાવાદ અને મલપ્પુરમમાં બાળકોમાં ઓરીના કેસોની સંખ્યામાં વધારાનું મૂલ્યાંકન કરવા અને તેનું સંચાલન કરવા માટે ઉચ્ચસ્તરીય ટીમો તૈનાત કરી છે.

આરોગ્ય મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે આ ટીમો ઓરીના કેસોના વધતા જતા વલણની તપાસ કરશે. નિવેદન અનુસાર, આ ટીમો રાજ્યના આરોગ્ય અધિકારીઓને રોગ સાથે વ્યવહાર કરવામાં મદદ કરશે. આ ત્રણ શહેરોમાં બાળકોમાં ઓરીના કેસમાં વધારો નોંધાયો છે. મુંબઈમાં, નાગરિક અધિકારીઓએ છેલ્લા ૨૪ કલાકમાં ૩.૦૪ લાખથી વધુ ઘરોની તપાસ કરી કારણ કે ડેટા દર્શાવે છે કે રોગ વોર્ડમાં ફેલાઈ રહ્યો છે.

મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન ડૉ તાનાજી સાવંતે રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓ, મ્યુનિસિપલ અધિકારીઓ અને વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાતો સાથે બેઠક યોજી હતી.

## મેઘાલયમાં હળવો ભૂકંપનો ઝટકો, રિક્ટર સ્કેલ ૩.૪ તીવ્રતા નોંધાઈ

શિલોંગ,તા.૨૪

મેઘાલયમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પ્રમાણે આજે સવારે લગભગ ૩ઃ૪૬ વાગ્યે રાજ્યમાં તુરાથી ૩૭ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૪ માપવામાં આવી હતી અને ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી. આ પહેલા બુધવારે મહારાષ્ટ્ર અને અરુણાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે, અરુણાચલ પ્રદેશમાં બસરથી ૫૮ કિમી ઉત્તર-પશ્ચિમ-ઉત્તરમાં બુધવારે સવારે ૭ઃ૧ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૮ માપવામાં આવી હતી અને ઊંડાઈ જમીનથી ૧૦ કિમી નીચે હતી.બીજી તરફ ગઈકાલે વહેલી સવારે મહારાષ્ટ્રના નાસિકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ અહેવાલ આપ્યો હતો કે, ભૂકંપની તીવ્રતા ૩.૬ હતી અને એપી સેન્ટર નાસિકથી ૮૯ કિમી પશ્ચિમમાં હતું. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી. આ પહેલા ૧૨ નવેમ્બરે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં રાત્રે લગભગ ૮ઃ૦૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા પ્રમાણે નેપાળમાં આ દિવસે સાંજે લગભગ ૭ઃ૫૭ વાગ્યે ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેની ઊંડાઈ જમીનથી ૧૦ કિમી નીચે હતી.

## કર્ણાટકનો મહારાષ્ટ્રના ૪૦ ગામ પર દાવો,એક પણ ગામ જવા નહીં દઈએ : શિંદે-ફડણવીસ

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્ર અને કર્ણાટક સરહદ વિવાદ ઘણો જૂનો છે. વાસ્તવમાં બંને રાજ્યોના કેટલાક સરહદી વિસ્તારો એવા છે કે જેના પર બંને રાજ્યોનો પોતાનો દાવો છે. મહારાષ્ટ્રનો દાવો કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં મરાઠી ભાષી લોકોની હાજરી પર આધારિત છે. તેવી જ રીતે કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના જાટ તાલુકાના ૪૦ ગામ મોટી સંખ્યામાં કન્નડ ભાષીઓને કારણે કર્ણાટકમાં જોડાવા માંગે છે. મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આનો જડબાતોડ જવાબ આપ્યો છે.

આ વિવાદ ફરી એકવાર ગરમ થવાનું કારણ એ છે કે સુપ્રીમ કોર્ટ મહારાષ્ટ્ર-કર્ણાટક સરહદ વિવાદ પર સુનાવણી કરવા જઈ રહી છે. આવા પ્રસંગે કર્ણાટકના સીએમએ કહ્યું 'મહારાષ્ટ્રના જાટ તાલુકાના ૪૦ ગામોના લોકો કર્ણાટકમાં જોડાવા માંગે છે. અમે તેમની માંગ પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છીએ.આ પછી મહારાષ્ટ્રમાં દરેક પાર્ટી તરફથી પ્રતિક્રિયાઓ આવવા લાગી.



આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. જત તાલુકાના ગામડાઓની માંગ જૂની છે. પાણીની અછતની સમસ્યા છે. ગઈકાલે અને તેના આગલા દિવસે અમે આ અંગે મહત્વપૂર્ણ બેઠક કરી હતી. અમે એક પણ ગામ મહારાષ્ટ્રથી કર્ણાટક જવા નહીં દઈએ. કોર્ટના નિર્ણયને માન આપીને કેન્દ્ર સરકારની મદદથી મંત્રણા દ્વારા ઉકેલ લાવીશું. મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ શિરડીમાં સાંઈ બાબાના દર્શન કર્યા બાદ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું.

શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે કહ્યું કે કર્ણાટકમાં ભાજપની સરકાર છે, મહારાષ્ટ્રમાં શિંદે જૂથ સરકાર છે જે ભાજપના ઈશારે ચાલે છે. ભાજપ મહારાષ્ટ્રને ૪-૫ ટુકડાઓમાં વહેંચવા માંગે છે. ભાજપના વરિષ્ઠ નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે જવાહરલાલ નેહરુની ભૂલ હતી કે રાજ્યની સીમાઓ આટલી અતાર્કિક રીતે નક્કી કરવામાં આવી. જો કર્ણાટક સરકાર મહારાષ્ટ્રમાં ૪૦ ગામોનો દાવો કરી રહી છે તો કર્ણાટકમાં પણ આવા સેંકડો ગામો છે, જેના પર અમારો દાવો છે, તેમને આ ધ્યાનમાં રાખવા દો.

આ સમગ્ર મામલે નાગપુરમાં મીડિયા સાથે વાત કરતા દેવેન્દ્ર ફડણવીસે આજે કહ્યું હતું કે, 'મુખ્યમંત્રી એકનાથ શિંદેએ થોડા દિવસો પહેલા સરહદ વિવાદના મુદ્દે એક મહત્વપૂર્ણ બેઠક કરી હતી. આ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને સંપૂર્ણ મદદ કરવાની અમારી યોજના શરૂ થઈ ગઈ છે. મહારાષ્ટ્રનું એક પણ ગામ ક્યાંય નહીં જાય. અમે સુપ્રીમ કોર્ટમાં લડીને કર્ણાટકના બેલગામ, કારવાર, નિપાની સહિત અનેક ગામોને મહારાષ્ટ્ર પરત લાવીશું.

ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્રના જાટ તાલુકાના ગામોએ વર્ષ ૨૦૧૨માં કર્ણાટક જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પણ આ વાત જૂની થઈ ગઈ છે. ગ્રામજનોએ પાણી મળતું ન હોવાની ફરિયાદ કરી હતી. ફડણવીસે કહ્યું કે જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે કર્ણાટક સાથે વાતચીત કરી હતી. આ ગામોનો મહૈસાલની સુધારેલી યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. વધુમાં ફડણવીસે કહ્યું હતું કે છેલ્લા અઢી વર્ષમાં મહાવિકાસ આઘાડી સરકાર દરમિયાન આ યોજનાઓને માન્યતા આપવામાં આવી ન હતી. કદાચ કોરોનાને કારણે નિર્ણય લેવામાં આવ્યો નથી. હવે આ યોજના પર કામ પુર ઝડપે ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં ગામડાઓમાં પાણી ઉપલબ્ધ થશે.

## તંત્રી સ્થાનેથી...

# નોકરીમેળો



વિભિન્ન સરકારી વિભાગોમાં ૭૧ હજારથી વધુ પદો માટે નિયુક્તિ પત્રો આપવાનું વડાપ્રધાનનું પગલું સ્વાગતયોગ્ય તો છે જ, એ અગણિત યુવાનો વચ્ચે એક નવી આશાનો સંચાર કરનાર પણ છે, જે રોજગારના મોરચે સતત મળતા નકારાત્મક સમાચારોથી નિરાશ હતા. વડાપ્રધાને આ પહેલાં ધનતેરસના દિવસે 'રોજગાર મેળા'નો શુભારંભ કરતાં દેશભરમાં ૭૫ હજાર યુવાનોને નિયુક્તિ પત્ર સોંપ્યા હતા. અસલમાં જૂન મહિનામાં જ કેન્દ્ર સરકારે એલાન કર્યું હતું કે આગામી દોઢ વર્ષમાં તે ૧૦ લાખ લોકોને નોકરી આપશે. હાલનો નિર્ણય એની જ એક કડી છે. સ્વાભાવિક રીતે જ ચૂંટણીઓના ટાણે જ આવા નિર્ણયો કેન્દ્ર અને રાજ્ય સરકારોના પટારામાંથી નીકળતા હોય છે. બિહાર સરકાર દ્વારા વિભિન્ન વિભાગોમાં મોટા પાયે નિયુક્તિ પત્રોનું વિતરણ અને રાજસ્થાન, ઝારખંડ, અને છત્તીસગઢ સરકારોની જૂની પેન્શન યોજનાને લાગુ કરવાનો નિર્ણય તાજું દૃષ્ટાંત છે. આ પ્રવૃત્તિ આપણી રાજકીય સંસ્કૃતિનો હવે એક અતૂટ હિસ્સો બની ગઈ છે.

રોજગારનો મુદ્દો આગામી લોકસભા ચૂંટણીમાં એક મોટો મુદ્દો બનવાનો છે અને વિપક્ષ સત્તારૂઢ એનડીએને દર વર્ષે બે કરોડ રોજગાર આપવાના તેના વાયદાના આધાર પર જ્યારે ઘેરશે, ત્યારે આ ૧૦ લાખ નોકરીઓ સત્તા પક્ષના બચાવને આધાર આપી શકશે. પરંતુ રાજકારણથી અલગ આ એક ગંભીર સામાજિક-આર્થિક મુદ્દો પણ છે અને દુનિયાભરની સરકારો પાસે એ જ અપેક્ષા રાખવામાં આવે છે કે તે આ મામલે સામાજિક-આર્થિક પાસાંના આધાર પર પોતાના રાજકીય હિત સાધશે. દુર્ભાગ્યે, આપણા દેશમાં રાજકીય પાસું વધારે મહત્ત્વનું કારક બની ગયું છે, નહિ તો શું કારણ છે કે સામાજિક સુરક્ષાના કમજોર ઉપાયોની સચોટ જાણકારી એ રોજગાર વિહીન વિકાસની નિરંતર ચેતવણીઓ છતાં સરકારો રોજગાર સર્જન મુદ્દે બહુ ચિંતિત નથી દેખાતી અને જ્યારે જ્યારે ચૂંટણી નજીક આવે છે, ત્યારે જ સક્રિય થાય છે! સીએમઆઈઆઈના તાજા આંકડા દર્શાવે છે કે આ સમયે દેશમાં બેરોજગારી દર ૭.૭ ટકા છે જે ચિંતાનો વિષય છે. રોજગારના નવા અવસરોનું સર્જન સરકારો માટે પડકાર બની ગયો છે. આ વાત તમામ રાજકીય પાર્ટીઓ સારી રીતે જાણે છે કે કોઈપણ સરકાર જાહેર ક્ષેત્રમાં એટલી નોકરીઓ પેદા નથી કરી શકવાની, પરંતુ તેનો કોઈ વચલો રસ્તો કાઢવાને બદલે બધી પાર્ટીઓ દોષારોપણમાં પડી જાય છે. દેશનાં રાજ્યોમાં સૌથી વધુ બેરોજગારી હરિયાણા, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, બિહાર, ત્રિપુરા, પંજાબ અને તેલંગણામાં છે, જ્યાં એકબીજાની વિરોધી પાર્ટીઓની સરકાર છે. તેથી બહુ જરૂરી છે કે આ મુદ્દા પર ગંભીર વિમર્શ કરવામાં આવે અને બેરોજગારોના હિતોને ધ્યાનમાં રાખીને નીતિઓ તૈયાર કરવામાં આવે. આપણે એ તથ્યને નજરઅંદાજ ન કરી શકીએ કે ચીનને પાછળ છોડતાં ભારત આગલા વર્ષે જ દુનિયાની સૌથી મોટી આબાદીવાળો દેશ બની જવાનો છે. આગામી લોકસભા ચૂંટણીમાં યુવાન મતદારોની સંખ્યા લગભગ ૨૫ કરોડ હશે, જેમાંથી લગભગ અડધા પહેલી વાર મતદાન કરશે.

## મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૭ મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ શરૂ

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૭ પેન્ડિંગ મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ શરૃ થઈ ગઈ છે. રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓના પુનઃસીમાંકનનો આદેશ આપતો પરિપત્ર બહાર પાડયો છે. તેના પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે મહાવિકાસ અઘાડી સરકારના કાર્યકાળ દરમિયાન સીમાંકન કરાયેલા વોર્ડનું સીમાંકન રદ કરીને વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીની જેમ પુનઃસ્થાપિત કરવામાં આવશે.આથી એકાદ બે મહિનામાં ગમે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાનીચૂંટણીની જાહેરાત થઈ શકે છે.મહારાષ્ટ્ર સરકાર દ્વારા નગર વિકાસ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે,૦૮ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્ર એક્ટમાં કરાયેલા સુધારા મુજબ જે મ્યુનિસિપલ કોર્પોરેશનોનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. અથવા જેમની મુદત પૂરી થવા જઈ રહી છે.તેમની ચૂંટણી માટે ઉપલબ્ધ વસ્તી ગણતરી મુજબ વોર્ડની સંખ્યા, સીમાંકન નક્કી કરો અને વિભાગોનું ફોર્મેટ તૈયાર કરવા કાર્યવાહી કરો.સરકારના આ આદેશ બાદ હવે મહાનગરપાલિકાની જાહેર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી રહી છે. એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે મુંબઈમાં માત્ર ૨૨૭ વોર્ડ પર જ ચૂંટણી યોજાશે. કારણ કે રાજ્ય સરકારે મુંબઈમાં ૨૩૬ વોર્ડ બનાવવાના મહાવિકાસ આઘાડી સરકારના નિર્ણયને પલટી નાખ્યો હતો.

નહીં આવું<br>
તમે બહુ જ સતાવો છો,<br>
તમારી પાસે નહીં આવું.<br>
મને ભોળીને ફસાવો છો,<br>
તમારી પાસે નહીં આવું.<br>
રાતે કાલિન્દીકાંઠે બોલાવો,<br>
મું ઉઘાડા પગે નહીં આવું.<br>
વાંસળીના સૂરે તેડાવો ,<br>
મું ઘર ખુલ્લાં મુકી નહીં આવું.<br>
મુને રાસ રમવા બોલાવો,<br>
મુને પંડયમાં થાક ,નહીં આવું.<br>
તારો મારો ભવભવનો નાતો,<br>
કાનો બરકે ,કેમ નહીં આવું??<br>
કાનો બરકે કેમ નહીં આવું?<br>
વાલામુઇ દોડી દોડી આવું!!<br>
ભરત વૈષ્ણવ<br>
૨૪.૧૧.૨૦૨૧.

# પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે



જેમ આપણે કોઈ કાર્ય કરવું હોય તો એ પ્રમાણેની લાયકાત કે પાત્રતા કેળવવી પડે છે. એવી રીતે પ્રભુની ભક્તિ કે પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે. આપણી પ્રાર્થનામાં કોઈ તથ્ય કે ભલીવાર હોતાં નથી. આપણી પ્રાર્થનામાં તો કેવળ અને કેવળ કાંઈ માંગવાની સ્વાર્થવૃત્તિ જોડાયેલ હોય છે. આપણે તો પ્રાર્થના કરતી વખતે પણ એકાગ્રતા કે એકચિત્ત રાખતાં નથી અને પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ધ્યાન રાખીએ છીએ. આપણાં મનમાં આપણે એટલાં બધાં મેલ અને કુભાવ ભરીને પ્રાર્થના કરીએ છીએ, વળી એમાંય આપણે ઈશ્વર પાસેથી કશું ને કશું માંગવાની તથા મેળવવાની અપેક્ષા ધરાવીએ છીએ તો ભગવાન ક્યાંથી આપણી પ્રાર્થના સાંભળી શકવાના હતાં.જેમ લાયકાત વગરની અરજીનો અસ્વીકાર થાય છે તેમ પાત્રતા વગરની પ્રાર્થનાનો પ્રભુ અસ્વીકાર કરે છે. સ્વાર્થ હીન, છળકપટ વગરની, એકાગ્ર ચિત્ત તથા નિર્મળ મનથી કરેલી પ્રાર્થના કે સ્તુતિનો પ્રભુ હસતાં મોંઢે સ્વીકાર કરે છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર દાસ, તુલસીદાસ વિગેરેની પ્રાર્થનામાં એક ગજબ પ્રકારની શક્તિ અને તાકાત હતી. આવા પ્રકારના ભક્તો ભગવાન પાસેથી ધાર્યું કામ કરાવી શકતાં હતાં અને ભગવાને પણ તેઓનાં કામ કરેલાં છે અને ભક્તોની ભીડ ભાંગી હતી, અને આ બાબતની ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે.આનું કારણ એ હતું કે તેઓ જગતનાં તમામ ભૌતિક સુખોથી અલિપ્ત હતાં. દુઃખ પડે કે આપત્તિ આવે, તેઓ પોતાનો નિત્યક્રમ ક્યારેય ચૂક્યા ન હતાં કે કોઈ પણ વ્યક્તિ કે જ્ઞાતિ પ્રત્યે તેઓને કોઈ રાગદ્વેષ ન હતો. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ, કબીરજી વિગેરેએ પ્રભુ પાસે કોઈ પણ પ્રકારની દૌલત, ધનસંપત્તિ, વૈભવ, ઐશ્વર્ય, તાજ,પદ કે સત્તા માંગી ન હતી, બસ માંગી તો માંગી પ્રભુની ભક્તિ અને સેવા. આ વ્યક્તિઓએ, પોતાની તેમજ પોતાના પરિવારજનોની ક્યારેય ચિંતા કરી ન હતી, તેથી તેમને તથા તેમનાં પરિવારજનોને જિવાડવાની જવાબદારી ઈશ્વરે ઉપાડી હતી.

નરસિંહ મહેતા જ્યારે ભગવાન શ્રી કૃષ્ણની રાસલીલા નિહાળતા હતા , એ સમયે એમના હાથમાં સળગતી મશાલ હતી, પરંતુ નરસિંહ મહેતા પ્રભુમય બનીને ભાન ભુલી શ્રી કૃષ્ણની ભક્તિમાં એવા તલ્લીન થઈ ગયા કે એમનાં હાથમાં રહેલી આખી મશાલ સળગી ગઈ અને એમનો હાથ બળવા લાગ્યો, છતાં પણ, નરસિંહ મહેતાને ખબર પણ ન હતી કે મારો હાથ જલી રહ્યો છે.

જ્યારે બીજી તરફ શ્રી કૃષ્ણ ભગવાન આ દૃશ્ય જોઈને ચોંકી ગયા અને નરસૈયાની સાચી ભક્તિથી ગદ્‌ગદ્‌ થઈ ગયાં અને નરસૈયાને દર્શન આપી ગળે લગાડ્યાં હતાં. તો બીજી બાજુ મીરાંબાઈને મારી નાંખવા માટે એમના દિયેર રાણાજીએ હળાહળ વિષ ભરેલો કટોરો મોકલ્યો હતો, પરંતુ મીરાંબાઈને પોતાના પ્રભુ પ્રત્યે એટલી અતૂટ શ્રદ્ધા હતી અને એ જાણતાં હતાં કે આ કાતિલ ઝેર છે, છતાંય તેઓ કોઈ પ્રતિક્રિયા આપ્યા વગર હળાહળ વિષને પણ અમૃત સમજીને ગટગટાવી ગયાં હતાં અને એમને સ્હેજ પણ આંચ આવી ન હતી.

આમ તેઓની પ્રાર્થના માટે તથા ભક્તિમાં જબરદસ્ત નિષ્ઠા હતી, શક્તિ હતી કે અન્ય પ્રકારનો બીજો કોઈ સ્વાર્થ ન હતો. આપણે તો પ્રભુ ભક્તિ માટે જરાપણ સમય ફાળવતાં અને બીનજરૂરી ફાલતું કાર્યો માટે સમય ફાળવીએ છીએ, પરંતુ ખરેખર આપણે ભગવાન માટે થોડો સમય ફાળવીએ છીએ ખરાં? શું આપણે ખરા દિલથી ભગવાનની ભક્તિ તથા પ્રાર્થના કરીએ છીએ ખરાં? આપણે તો પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ડાફોળિયાં મારીએ છીએ અને સામેવાળો શું કરે છે તે નિહાળવામાં સમય બગાડીએ છીએ, ચાલું પ્રાર્થના એ પણ કાંઈ ને કાંઈ ઈશારા કરતાં રહીએ છીએ.આપણી પ્રાર્થનામાં સ્વાર્થ જોડાયેલ હોય છે, આપણી પ્રાર્થનામાં કોઈ ભલીવાર હોતો નથી અને વજૂદ પણ હોતું નથી અને એથી ઈશ્વર આપણી પ્રાર્થના નો સ્વીકાર કરતાં નથી. આપણી પ્રાર્થના ઈશ્વર સુધી વ્યવસ્થિત રીતે પહોંચતી નથી, પછી આપણને એનું ફળ ક્યાંથી મળવાનું હતું.આપણે જો પ્રભુનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું હોય તો સૌ પ્રથમ પાત્રતા કેળવવી પડશે.

ઉપર જણાવ્યું તે પ્રમાણે પાત્રતા વગરની પ્રાર્થના નકામી અને અર્થહીન છે. એક કહેવત છે કે દાન હંમેશાં સુપાત્રને આપવાથી દાનની ગરિમા અને મહત્તા જળવાઈ રહે છે, તેમ પાત્રતા કેળવેલ વ્યક્તિ પ્રભુ પાસેથી કાંઈક મેળવે છે તો તે ધન વૈભવ, જ્ઞાન, લોક કલ્યાણનાં કામોમાં વાપરે છે. માટે પાત્રતા કેળવીને નિઃસ્વાર્થ ભાવે, અંતરના નાદથી, એકચિત્તે, જે પ્રાર્થના કરવામાં આવે છે એનો ભગવાન ચોક્કસ અને જરૂરથી સ્વીકાર કરે છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ.પંચમહાલ
ઈ - મેઈલ joshiyogesh10164@gmail.com

# લકી ડ્રોથી જનપ્રતિનિધિ જાહેર કરો!!

યો યો હનીસિંગ ( સાલ્લું વિચિત્ર નામ છે!! ખારી સિંગ જેવું. માણસ પણ વિચિત્ર છે, નહીંતર ઘરવાળી થોડી છૂટાછેડા માંગે?)ના ગીત ' ચાર બોટલ વોડકા, કામ મેરા રોજના' કે ' પાર્ટી અભી શરૂ હુઇ હૈં!" જેવા રેપ( તમે સમજો એવું ૩૭૫ કે ૩૭૬ કલમના ગુનાની વાત નથી આધુનિક ગીતનો પ્રકાર છે, ભાઈજીને!) ગીતની તર્જ પર નાચતો નાચતો રાજુ રદી તેજસ્વી ટ્રેનની સ્પીડથી મારા ઘરે આવ્યો.

" મળી ગયો, મળી ગયો, મળી ગયો" રાજુ બોલ્યો. માનો કે સ્નાનકક્ષમાં આદિમ અવસ્થામાં સ્નાનાદિક ક્રિયા ક્રિયાન્વિત હતી તે દરમિયાન તરતા પદાર્થનો નિયમની શોધ કર્યા પછી વસ્ત્રોના આવરણ વિના આર્કિમિડીઝ અત્યુત્સાહમાં રાજા પાસે ધસી ગયો હતો. રાજાએ વસ્ત્રો ધારણ કરી આવવા આદેશ આપેલો રાજુ આ રીધમમાં બોલ્યો.

"શું મળી ગયું?" મેં પૂછ્યું

"ગિરધરભાઇ. રામહાન ઈલાજ મળી ગયો!"રાજુ ઉત્સાહમાં આવી બોલ્યો.

"ઓમિક્રોનનો ઈલાજ?" મેં પૂછ્યું

" ના, ભાઇ ,ના." રાજુએ કહ્યું.

રણવીર કપૂર અને આલિયા ભટના લગ્ન નક્કી થઇ ગયા?"

"નોટ એટ ઓલ, સર" રાજુ ઈસ્ટાઇલથી બોલ્યો.

"૨૦૩૬ ની ઓલિમ્પિકની યજમાની ભારતને મળી?"મેં પૂછ્યું

"ના" રાજુએ માત્ર એક અક્ષરમાં પતાવ્યું.

" ગિરધરભાઇ. આપણો દેશ આઝાદ થયા પછી લોકસભા , વિધાનસભા, રાજ્યસભા, રાષ્ટ્રપતિ -ઉપ રાષ્ટ્રપતિ , વિધાન પરિષદ, મહાનગરપાલિકા, નગરપાલિકા, જીવેલા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, સહકારી બેંક, એપીએમસી, સ્પોર્ટસ ક્લબ, ક્રિકેટ એસોશિએશન, નવરાત્રિ મહોત્સવ સમિતિ, ચેમ્બર ઓફ કોમર્સ,સોસાયટી, યુનિ.સિન્ડિકેટ વગેરેની ચૂંટણી યોજાય છે. આ ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવા, મતદાન કેન્દ્રો બનાવવા, મતદાનના સ્ટાફના નિમણૂક, આચારસંહિતાનું પાલન કરાવવું, આબ્ઝર્વરની નિમણૂક કરવી, પેરામિલિટપી ફોર્સનુ ડિપેલોયમેન્ટ ,મતદાન યોજવું, ગરબડ થાય તો ફરીવાર, ઔર ફરીવાર મતદાન યોજવું, પરિણામ જાહેર કરવું, ઈલેકશન પીટીશન થાય તો કોર્ટમાં હાજર રહેવું. કેટલું બોરિંગ, ટિડિયસ,ટાયરીંગ કામ છે." રાજુએ ચૂંટણીનું વિશ્લેષણ કર્યું.

" રાજુ.ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે.તેમાં બધા સ્ટેક હોલ્ડરોની પાંચે આંગળી ધીમાં છે. ચૂંટણીતંત્ર બંધારણીય ફરજ અદા કરે છે. ન્યુનતમ ખર્ચ કરે છે. તું નહીં માને પણ ૧૯૫૨માં લોકસભાની ચૂંટણી યોજનાનો કુલ ખર્ચ રૂપિયા ૧૦.૪૫ કરોડ થયેલો હતો. દરેક મતદાર દીઠ માત્ર સાંઇઠ પૈસા ખર્ચ થયેલ હતો .જે ૨૯૧૯માં વધીને રૂપિયા ૭૦૦૦ કરોડ થયેલો હતો ! ઉમેદવારો જીતવા માટે પૈસાનું પાણી કરે. ખાટસવાદિયા મંડપ ડેકોરેશન, ખેસ, બિલ્લા, ચોપાનિયા, કેટરિંગના કોન્ટ્રેકટ મેળવી લાખોપતિમાંથી કરોડોપતિ બનવા ઉધામા કરે. ઉદ્યોગશાળા બધા સાથે રાજકીય સંબંધોની તુલા સમતોલ કરવા ચંદા આપે. મતદારો પાંચ વરસે કિંમતી અને અમૂલ્ય ( કિંમતી અને અમૂલ્ય શબ્દો જ પારસ્પરિક વિરોધાભાસી છે!)મતની ચવાણું, કૂકર, સાડી, રોકડ રકમ, પોટલી( કયાં જમાનામાં જીવો છો, ડયુડ? સુદામાના તાંદૂલની પોટલીની વાત નથી. પોટલી એટલે જાનમ સમજા કરો!!)બીડી, બુમલા (સૂકી માછલી) સ્વરૂપે કિંમત વસૂલે છે. બધી પાર્ટી પાસેથી વસ્તુ લઇ મત જેને આપવો હોય તેને જ આપે છે. આમ, કરપ્ટ હોવા છતાં આપણી લોકશાહીના મૂળિયા ઉંડા અને મજબુત છે!!"મેં લોકશાહીનો મહિમા વર્ણવ્યો.

" ગિરધરભાઇ . મધ્ય પ્રદેશના અશોક નગર જિલ્લામાં ભટૌલી ગ્રામપંચાયતમાં આ નિલામી કરવામાં આવેલી હતી.સરપંચ પદ માટે ૨૧ લાખથી બોલી શરૂ થઈ છે ૪૪ લાખે પહોંચી હતી. અન્ય ચાર લોકોને હરાવને સૌભાગસિંહ ૪૪ લાખ રૂપિયાની બોલી લગાવીને આ પદ જીતી ગયો હતો. જોકે બીજી તરફ સ્થાનિક પ્રશાસનના અધિકારીએ આ પદ માટે થનારી ચૂંટણીમાં ઉમેદવારીપત્રક દાખલ કરવાથી લઈને તમામ પ્રક્રિયા પાળવી પડશે એવું કહ્યું હતું.સરપંચના પદ માટે કોઈ વિવાદ થાય નહીં તેની ખાતરી કરવામાં આવશે. આ પદ્ધતીએ ઉમેદવાર મત જીતવા માટે દારૂ અને પૈસા વહેંચવાનો કિમિયો અજમાવે નહીં એવો દાવો ગામના સ્થાનિકોએ કર્યો છે. સોભાગ સિંહે જણાવ્યું કે, સરપંચ પદ માટે બોલવામાં આવેલી બોલીની રકમનો ઉપયોગ ગામના વિકાસ કાર્યોમાં થશે. ગામમાં રસ્તા, પાણી અને અન્ય જે પણ જરૂરી કામ હશે તેને પૂરા કરવામાં આવશે. જ્યારે મંદિર બનાવવા માટે પણ પૈસાનો ઉપયોગ થશે. ગ્રામ પંચાયત ભટોલીમાં ત્રીજા તબક્કાનું મતદાન થવાનું છે, પરંતુ તે પહેલાં જ અહીં ગ્રામીઓએ પોતાના સરપંચ ચૂંટી લીધા છે.

જો નક્કી થયા મુજબ ઉમેદવાર ૪૪ લાખ રૃપિયા જમા કરાવવામાં નિષ્ફળ રહેશે તો તેના સૌથી નજીકના હરીફને આ પદ આપવા માટે વિચાર કરવામાં આવશે.

દતિયા જિલ્લામાં પણ જોવા મળ્યો આવો જ મામલોભટોલી ગામ પહેલું એવું ગામ નથી જ્યાં સરપંચ પદ માટે બોલી લગાડવામાં આવી હોય. આ પહેલાં દતિયા જિલ્લાના એક ડઝન ગામોમાં આ રીતે સરપંચ પદ માટે બોલી લગાવીને પસંદગી કરાઈ હતી. ગ્રામીણોનું કહેવું છે કે તે બિનજરૂરી ખર્ચાઓને રોકી રહ્યાં છે. તેમજ સર્વસંમતિવાળી પ્રાચીન પરંપરાનું અનુકરણ કરે છે. તેનો ચૂંટણી પંચ સાથે કોઈ સંબંધ નથી. તેઓ ઉમેદવાર પાસેથી મળનારી રકમનો ઉપયોગ ગામના વિકાસ માટે કરશે." રાજુએ કહ્યું.

" રાજુ ચૂંટણી જીતી ગયા પછી વિજેતાઓ મંત્રીપદ કે રૂપિયાની લાલચે પક્ષનો વાડો કૂદીને સામેના વાડામાં

જતા રહે છે.પરિણામે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ફારસ બની રહે છે.ભટૌલી ગામે નવી દિશા દેખાડી છે. ચૂંટણીમાં ઉત્ક્રાંતિ થવા જઇ રહી છે. આરટીઓ પસંદગીના નંબરે માટે હરરાજી કરે છે. દેરાસરમાં પણ ઉછામણી થાય છે. જમીનના પ્લોટની હરરાજી થાય છે. ભંગારનો પણ બોલી લગાવી નિકાલ કરવામાં આવે છે. આઇપીએલમાં ખેલાડી ઘેટાબકરાની જેમ વેચાય છે. તમામ ચૂંટણીમાં બોલી લગાવી એમએલએ કે એમપી કે મેયર પસંદ કરવાથી એટલે કે સમરસ થવાથી ચૂંટણીના કાવાદાવા ,વેરઝેર ખત્મ થશે. સરકારને ચૂંટણી યોજવા ખર્ચ કરવો પડશે નહીં અને પાર્ટી કે ઉમેદવારને પણ રૂપિયા બગાડવા પડશે નહીં. માનવસંશાધનનોની બચત થશે. સરકારને આવક થશે એ નફામાં!! " મે અદ્ભુત યોજના રજૂ કરી.

" ગિરધરભાઇ. એક આવી સ્કીમ પણ વિચારવી જોઈએ. ધારો કે લોકસભાની ચૂંટણી કરવી છે. ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારે પચાસ લાખ રૂપિયાનું કુપન ખરીદ કરવાનું. પંદર દિવસ કુપનો વેચવાના. સોળમાં દિવસે લકી ડ્રો કરવાનો. જેનો નંબર આવે તે ધારાસભ્ય , મેયર કે સંસદસભ્ય.ન રહેગા બાંસ ન રહેગી બાંસુરી. સરકારને કાણી પાઇ વાપર્યા સિવાય અબજોની આવક થશે!!" રાજુએ અભિનવ યોજના તરતી મુકી. જોઇએ શું થાય છે!!!

ભરત વૈષ્ણવ<br>
૨૪.૧૧.૨૦૨૧..#હાસ્યલેખ

# શ્રદ્ધા હત્યાકાંડ જેવો બીજો બનાવ, મુસ્લિમ યુવકે હિન્દુ યુવતીને રહેંસી નાખી

### મમતાને છ મહિના પહેલા ખબર પડી કે આરોપી પરિણીત છે. આ પછી તેણે મોહમ્મદ શારિકથી અંતર રાખ્યું

ચંડીગઢ,તા.૨૪

પંજાબ અને હરિયાણાની રાજધાની ચંદીગઢમાં શ્રદ્ધા વોલરની હત્યા જેવો કિસ્સો સામે આવ્યો છે. ચંદીગઢના બુરૈલ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી એક હિન્દુ યુવતીની હત્યા કરવામાં આવી છે. હિન્દુ યુવતીની હત્યાના આરોપમાં મુસ્લિમ યુવકની ધરપકડ કરવામાં આવી છે. આરોપી યુવતીના પડોશમાં રહેતો હતો.

પંજાબ અને હરિયાણાની રાજધાની ચંદીગઢમાં શ્રદ્ધા વોલરની હત્યા જેવો કિસ્સો સામે આવ્યો છે.

ચંદીગઢના બુરૈલ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી એક હિન્દુ યુવતીની હત્યા કરવામાં આવી છે. હિન્દુ યુવતીની હત્યાના આરોપમાં મુસ્લિમ યુવકની ધરપકડ કરવામાં આવી છે. આરોપી યુવતીના પડોશમાં રહેતો હતો.

મળતી માહિતી મુજબ પહેલાથી જ પરિણીત મુસ્લિમ યુવકે પાડોશમાં રહેતી હિન્દુ યુવતીને પોતાના પ્રેમની જાળમાં ફસાવી હતી અને બાદમાં જ્યારે યુવતીએ યુવક સાથે વાત કરવાનું બંધ કરી દીધું તો તેણે તેની હત્યા કરી નાખી. મૃતક યુવતીની ઓળખ ૧૮ વર્ષની મમતા તરીકે થઈ છે. યુવતી મૂળ યુપીના હરદોઈના બેનીગંજ તાલુકાની રહેવાસી હતી.

આરોપીની ઓળખ બિહારના મધુબની જિલ્લાના બેલા ગામનો રહેવાસી ૨૫ વર્ષીય મોહમ્મદ શારિક તરીકે થઈ છે. બાળકીની માતા ચંપાની ફરિયાદના આધારે પોલીસે આરોપીની સેક્ટર-૪૫માંથી ધરપકડ કરી હતી. તેની પાસેથી કપડા ભરેલી બેગ પણ મળી આવી છે.

પોલીસને આપેલી ફરિયાદ મુજબ મમતા સોમવારે ઘરે એકલી હતી. માતા કામ પર ગઈ હતી, જ્યારે નાનો ભાઈ શાળાએ ગયો હતો. તે જ સમયે આરોપીએ ઘરમાં ઘુસીને યુવતીનું ગળું દબાવીને હત્યા કરી હતી. સાંજે માતા ઘરે પરત આવી ત્યારે પુત્રી પલંગ પર બેભાન અવસ્થામાં પડી હતી. તેના વાળ વિખરાયેલા હતા અને કાનમાંથી લોહી નીકળી રહ્યું હતું. માતાએ તરત જ પોલીસને જાણ કરી.

મમતાને છ મહિના પહેલા ખબર પડી કે આરોપી પરિણીત છે. આ પછી તેણે મોહમ્મદ શારિકથી અંતર રાખ્યું.

આના પર યુવક તેનો પીછો કરવા લાગ્યો, જેના કારણે મમતા ખૂબ પરેશાન થવા લાગી. લગભગ દોઢ મહિના પહેલા યુવતીએ તેની માતાને આરોપી શેરિક વિશે જણાવ્યું હતું. મમતાએ તેની સાથે ફોન પર વાત પણ કરી ન હતી. આ કારણે શેરિક ગુસ્સે થયો હતો. પોલીસનું કહેવું છે કે મોહમ્મદ શારિક ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. કોર્ટે આરોપીને બે દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મોહમ્મદ શારિક ફૂડ ડિલિવરીનું કામ કરે છે અને ત્રણ વર્ષ પહેલા જ ચંદીગઢ આવ્યો હતો.

તે લગભગ અઢી વર્ષથી બુરૈલમાં ભાડાના મકાનમાં રહે છે. મમતા તેના પરિવાર સાથે તેના પાડોશમાં રહેતી હતી. હાલ યુવતીના પરિવારજનો તેમના ગામ ગયા છે અને તેમના ઘરને તાળું મારી દીધું છે.

અગાઉ આરોપી યુવતીના ઘરની સામેના મકાનમાં ભાડે રહેતો હતો અને થોડા દિવસ પહેલા તેને ખાલી કરીને અન્ય શેરીમાં રહેવા ગયો હતો. આરોપી સ્થળાંતર થયા બાદ પણ યુવતીના ઘરે આવીને તેની સાથે દોસ્તી કરવા વારંવાર દબાણ કરતો હોવાની ચર્ચા હતી. જે દિવસે ઘટના બની તે દિવસે આરોપી યુવતીના ઘરે આવ્યો હતો અને દબાણ કર્યું હતું અને તેનું ગળું દબાવીને ભાગી ગયો હતો.

## ચૂંટણી કમિશનર ગોયલની નિમણૂકનો મામલો, કેન્દ્રએ બંધારણ બેંચને ફાઈલ સોંપી

નવીદિલ્હી,તા.૨૪

ચૂંટણી કમિશનર અરુણ ગોયલની નિમણૂકના મામલે કેન્દ્ર સરકારે બંધારણીય બેંચને ફાઈલ સોંપી છે. હકીકતમાં, આ સંબંધમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી અરુણ ગોયલની ચૂંટણી કમિશનર પદ પર નિમણૂક સાથે સંબંધિત મૂળ ફાઈલને મંગાવી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું, અમે જોવા માંગીએ છીએ કે ગોયલની નિમણૂકમાં કઈ પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું.સુનાવણી દરમિયાન, જસ્ટિસ કેએમ જોસેફની પાંચ સભ્યોની બંધારણીય બેંચે કેન્દ્ર તરફથી હાજર રહેલા એટર્ની જનરલ આર વેંકટરામણીને કહ્યું કે અમે જોવા માંગીએ છીએ કે નિમણૂક કેવી રીતે થઈ. કઈ પ્રક્રિયા અનુસરવામાં આવી હતી. ગોયલે તાજેતરમાં જ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હોવાથી એવું કંઈક બન્યું નથી. જો નિમણૂક કાયદેસર છે, તો ગભરાવાની જરૂર નથી. બેન્ચે કહ્યું, ×તે કોઈ વિરોધી પગલું નથી, અમે તેને રેકોર્ડ પર રાખીશું.× પરંતુ, અમે જાણવા માગીએ છીએ કે તમારો દાવો સાચો છે કે નહીં. અમે ૧૭મી નવેમ્બરથી સુનાવણી કરી રહ્યાં હોવાથી, ૧૯મી નવેમ્બરે એપોઈન્ટમેન્ટ અધવચ્ચે જ કરવામાં આવી હતી, તેને જોડી શકાય છે. જો આ સમયગાળા દરમિયાન નિમણૂક ન થઈ હોત તો તે યોગ્ય હતું. જસ્ટિસ જોસેફે કહ્યું, કોર્ટ એ જાણવા માંગે છે કે આ નિમણૂક કોણે પ્રેરિત કરી.એટર્ની જનરલ વેંકટરામણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કોર્ટે મોટા મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ. પરંતુ બેન્ચે કહ્યું કે, તે નિમણૂક સંબંધિત ફાઇલ જોવા માંગે છે. વાસ્તવમાં, અરજદાર તરફથી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું કે બંધારણીય બેંચે ગયા અઠવાડિયે ગુરુવારે સુનાવણી શરૂ કરી હતી. આ પછી, ઉતાવળમાં અરુણ ગોયલને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.આવા મુખ્ય ચૂંટણી કમિશનરની જરૂર છે, જે વડા પ્રધાન પર કોઈ આરોપો હોય તો તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી શકે. મુખ્ય ન્યાયાધીશ (CJI) નો આ પદ માટેની સલાહકાર પ્રક્રિયામાં સમાવેશ પસંદગી પેનલની સ્વતંત્રતાને સુનિશ્ચિત કરશે.

# સેન્સેક્સે ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો,પ્રથમવાર ૬૨૦૦૦ની ઉપર બંધ, બેંક નિફ્ટીનો ઈતિહાસ

## ભારતીય વાયદા બજારમાં સોના અને ચાંદીમાં તેજી ચાલુ

મુંબઈ,તા.૨૪

બેન્કિંગ, આઈટી અને એફએમસીજી સ્ટોક્સમાં શાનદાર ખરીદીની મદદથી બીએસઈ સેન્સેક્સ ઐતિહાસિક રેકોર્ડ હાઈ પર પહોંચી ગયો છે. ભારતીય શેર બજારના ઈતિહાસમાં પ્રથમવાર સેન્સેક્સ ૬૨૦૦૦ના આંકડાને પાર કરી ગયો છે. તો આજના સત્રમાં બેન્કિંગ સ્ટોક્સમાં શાનદાર તેજીને કારણે બેંક નિફ્ટી પણ ઐતિહાસિક રેકોર્ડ હાઈ પર જઈને બંધ થઈ છે. ગુરૂવારનો કારોબાર ખતમ થવા પર મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૭૬૨ પોઈન્ટની તેજીની સાથે ૬૨૨૭૨ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૬ પોઈન્ટના વધારા સાથે ૧૮૪૮૪ પર બંધ થયો છે.



શેર બજારમાં બેન્કિંગ, આઈટી, એફએમસીજી, એનર્જી, મેટલ્સ, ઈન્ફ્રા જેવા દરેક સેક્ટરના શેરમાં શાનદાર તેજી જોવા મળી હતી. પરંતુ બેંક નિફ્ટી રેકોર્ડ હાઈ પર પહોંચી છે. બેંક નિફ્ટી પ્રથમવાર ૪૩૦૦૦ની પાર પહોંચીને ૪૩૦૭૫ પર બંધ થઈ છે. તો આઈટી શેરમાં શાનદાર તેજીને કારણે નિફ્ટી આઈટી ૭૭૩ પોઈન્ટના ઉછાળાની સાથે ૩૦,૧૭૮ પોઈન્ટ પર બંધ થઈ છે.

માત્ર કંઝ્યૂમર ડ્યૂરેબલ્સ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટીના ૫૦ શેરમાંથી ૪૩ શેર તેજી સાથે બંધ થયા છે, જ્યારે માત્ર ૭ શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૨૬ શેર તેજીની સાથે જ્યારે ચાર શેર લાલ નિશાન પર બંધ થયા છે.

બજાર જ્યારે રેકોર્ડ હાઈ પર બંધ થયું તો તેવામાં જે શેરમાં તેજી જોવા મળી તેના પર નજર કરીએ તો ઈન્ફોસિસ ૨.૯૩%, એચસીએલ ટેક ૨.૫૯%, પાવર ગ્રીડ ૨.૫૬%, વિપ્રો ૨.૪૩%, ટેક મહિન્દ્રા ૨.૩૯%, ટીસીએસ ૨.૦૫%, એચડીએફસી ૧.૯૯%, એચયુએલ ૧.૬૯%, એચડીએફસી બેંક ૧.૬૮%, સન ફાર્મા ૧.૫૮% ની તેજી સાથે બંધ થયા છે. સેન્સેક્સના ૩૦ શેરમાંથી માત્ર જે ચાર શેરમાં ઘટાડો થયો તેમાં ટાટા સ્ટીલ ૦.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૧૧ ટકા, બજાજ ફાયનાન્સ ૦.૧૦ ટકા, કોટક મહિન્દ્રા ૦.૦૯ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

ભારતીય વાયદા બજારમાં સોના અને ચાંદીમાં તેજી ચાલુ છે. ગુરુવાર, ૨૪ નવેમ્બરે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે સોનાનો ભાવ ૦.૪૦ ટકાની ઝડપે ટ્રેડ થયો છે. તે જ સમયે, વાયદા બજારમાં, આજે ચાંદીનો દર પણ ૧.૦૫ ટકાના વધારા સાથે કારોબાર કરી રહ્યો હતો. ગઈ કાલે સોના-ચાંદીના ભાવ વાયદા બજારમાં વધારા સાથે બંધ થયા હતા. ગુરુવારે, વાયદા બજારમાં ૨૪ કેરેટ શુદ્ધતાના સોનાનો ભાવ સવારે ૯:૧૦ વાગ્યા સુધી ૨૧૦ રૂપિયાના વધારા સાથે ૫૨,૬૬૧ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સોનાનો ભાવ આજે ૫૨,૫૦૦ રૂપિયા પર ખુલ્યો હતો. ખુલ્યાના થોડા સમય પછી, એકવાર કિંમત ૫૨,૬૮૮ રૂપિયા થઈ ગઈ. બાદમાં કિંમતમાં થોડો ઘટાડો થયો અને તે ૫૨,૬૬૧ રૂપિયા થઈ ગયો. ગઈકાલે એમસીએક્સ પર સોનાનો ભાવ ૦.૩૫ ટકાના વધારા સાથે રૂ.૫૨,૪૭૦ પર બંધ થયો હતો.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જમાં આજે ચાંદીમાં મોટો ઉછાળો આવ્યો છે. આજે ચાંદી રૂ.૬૪૯ વધીને રૂ.૬૨,૨૭૯ પર કારોબાર કરી રહી છે. ચાંદીનો ભાવ ૬૨,૦૯૯ રૂપિયા પર ખુલ્યો હતો. એકવાર કિંમત ૬૨,૪૬૦ રૂપિયા થઈ ગઈ. પરંતુ બાદમાં તે થોડી ઘટીને રૂ. ૬૨,૨૭૯ થઈ હતી. ચાંદીના ભાવ ગઈ કાલે વાયદા બજારમાં ૧.૩૭ ટકાના વધારા સાથે રૂ. ૬૧,૬૪૦ પર બંધ થયા હતા.

આજે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવ અલગ-અલગ રીતે આગળ વધી રહ્યા છે. સોનાનો હાજર ભાવ આજે ૦.૧૮ ટકા ઘટીને ઈં૧,૭૩૮.૧૪ પ્રતિ ઔંસ થયો હતો. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત આજે ઉંચી છે. આજે ચાંદી ૦.૭૮ ટકા વધીને ૨૧.૨૫ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહી છે.

બુધવારે નવી દિલ્હીના બુલિયન માર્કેટમાં સોનાના ભાવમાં સામાન્ય ઘટાડા સાથે બંધ થયો હતો. તે જ સમયે, ચાંદીના ભાવ પણ મજબૂત બંધ આપ્યો. દિલ્હીમાં સોનાની હાજર કિંમત ૪૦ રૂપિયા ઘટીને ૫૨, ૭૯૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે.

પાછલા ટ્રેડિંગ દિવસે તે રૂ. ૫૨,૮૩૭ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. ચાંદીનો ભાવ પણ રૂ. ૧૧૦ વધી રૂ. ૬૨,૦૫૬ પ્રતિ કિલો બંધ રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં બુધવારે સોનું ઘટીને ઈં૧,૭૪૫ પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે ચાંદી પ્રતિ ઔંસ ૨૧.૨૭ પર સ્થિર રહી હતી.

# ગુજરાત આપણા ઉદ્યોગ લઈ જાય છે, કર્ણાટક ગામડા અને જિલ્લા લેવાની ધમકી આપી રહ્યા છે. મહારાષ્ટ્રની નબળી સરકારી શું કરી રહી છે

મુંબઈ,તા.૨૪

કર્ણાટકના સીએમ બસવરાજ બોમ્મઈએ મહારાષ્ટ્રના સાંગલીના જત તાલુકાના ૪૦ ગામડા પર દાવો કર્યો હતો અને કહ્યુ હતું કે, ત્યાંના લોકોને કર્ણાટકમાં સામેલ કરવા માગે છે. ત્યાર બાદ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, એક પણ ગામ નહીં આપીએ ઉલ્ટાનું કર્ણાટકના બેલગામ, કારવાર, નિપાણી જેવા સરહદી વિસ્તારના ભાગને મહારાષ્ટ્રમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતને ચેતવણી સમજતા આજે ફરી કર્ણાટકના સીએમે એક ટ્વિટ કરીને મહારાષ્ટ્રની લગાણી ભડકાવવાનો પ્રયાસ કર્યો છે. આ બાબતને લઈને હવે સંજય રાઉતે આકરા શબ્દોમાં ટિપ્પણી કરી છે.

સીએમ બસવરાજ બોમ્મઈએ આજે એક ટ્વિટ કરીને મહારાષ્ટ્રના કન્નડ ભાષી બહુમતવાળા અક્કલકોટ અને સોલાપુર વિસ્તારને કર્ણાટકમાં સામેલ કરવાની વાત કરી નાખી હતી અને કહ્યુ કે, કર્ણાટકની એક ઈંચ પણ જમીન આપવાનો સવાલ જ ઊભો થતો નથી. તેમણે કહ્યું કે, ફડણવીસનું આ સપનું ક્યારેય પુરુ થશે નહીં.

તેના ર આજે પોતાના પ્રતિક્રિયા આપતા સંજય રાઉતે કહ્યું કે, આ બધું શું થઈ રહ્યું છે. ગુજરાત આપણા ઉદ્યોગ લઈ જાય છે, કર્ણાટક ગામડા અને જિલ્લા લેવાની ધમકી આપી રહ્યા છે. મહારાષ્ટ્રના આ નબળી સરકારી શું કરી રહી છે. કર્ણાટકના સીએમને હું ચેતવણી નહીં, ધમકી આપી રહ્યો છું, હાં આને ધમકી જ સમજજો. તમારી બકબક બંધ કરો. આ લઈશ અને પેલું લઈશ. ભાષા પર લગામ લગાવો. ભલે મહારાષ્ટ્રની સરકાર સિલેન્ડર માથે ચડાવીને ઘુંટણીયે બેસી ગઈ હોય, પણ શિવસેના સ્વાભિમાન સાથે ઠાકરેના નેતૃત્વમાં ઊભી છે, એ વાત યાદ રાખજો. આગળ રાઉતે કહ્યુ કે, એ ૪૦ ધારાસભ્યોનું શિંદે જૂથ ક્યાં ગયું. કહ્યું હતું કે, સ્વાભિમાની મહારાષ્ટ્ર માટે શિવસેનામાંથી બહાર આવ્યા હતા. હવે ક્યાં ગયું આપનું સ્વાભિમાન ? ક્યાં ગોબરમાં ઘુસી ગયા ? એક મુખ્યમંત્રી ગામડા લઈ લેવાની વાત કરે છે, એક ઉદ્યોગ ઉઠાવીને લઈ જાય છે. અને તમે બેસીને બસ તમાશો જોઈ રહ્યા છો? ખાલી કહેવાથી કંઈ નથી થતું.

# મથુરાના 'નશેડી' ઉંદરો ખાઈ ગયા ૫૮૧ કિલો ગાંજો, મથુરા પોલિસ રિપોર્ટ પર કોર્ટ પણ હેરાન

મથુરા,તા.૨૪

મથુરા કોર્ટમાંથી એ વાત સામે આવી છે જેને કારણે આશ્ચર્ય ઉભુ થયું છે એડીજે ની કોર્ટમાં રજૂ કરાયેલા અહેવાલમાં, મથુરા પોલીસે જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશન શેરગઢ અને હાઈવેમાં પકડાયેલા ૫૮૧ કિલો ગાંજાની ખેપ ઉંદરોએ ખાઈ લીધું હતું. આ સાંભળીને ન્યાયાધીશો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. તેણે ૨૬ નવેમ્બર સુધીમાં તેના પુરાવા કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. તેમજ એસએસપીને ઉંદરોથી બચાવવા માટે સૂચના આપી હતી.

મથુરા પોલીસ દોરડાના સાપ બનાવવામાં નિષ્ણાત છે. હવે અહીં પોલીસે એક એવું કારનામું સામે આવ્યુ છે, જેને સાંભળીને કોર્ટ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. મથુરા પોલીસે જણાવ્યું કે પોલીસ સ્ટેશન શેરગઢ અને હાઈવે પોલીસ સ્ટેશનમાં પકડાયેલ ૫૮૧ કિલો ગાંજો રાખવામાં આવ્યો હતો. આ ગાંજો ઉંદરો ખાઇ ગયા છે તેવુ રીપોર્ટમાં દર્શાવામાં આવ્યુ છે. અને રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે.આ અહેવાલ જોઈને ન્યાયાધીશો પણ દંગ રહી ગયા.કોર્ટે બંને સ્ટેશન ઈન્ચાર્જને કેસના પુરાવા કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ એસએસપીને પણ ઉંદરોથી બચાવવા માટે સૂચના આપવામાં આવી છે.મથુરાના શેરગઢ પોલીસ ચોકીમાં ૩૮૬ કિલો ગાંજાનો જથ્થો રાખ્યો હતો. ૨૦૧૮માં થાના હાઈવેમાં પોલીસે ૧૯૫ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. એડીજે સપ્તમની કોર્ટે ટ્રાયલ દરમિયાન ગાંજાને સીલ બંધ મહોર લગાવેલા પેકેટ કોર્ટમાં રજૂ કરવાના આદેશ શેરગઢ પોલીસ ચોકીના અધિકારીઓના આપ્યા હતા. શેરગઢ અને હાઈવે પોલીસ ચોકીના પ્રભારીઓને કોર્ટમાં રજૂ કરેલા રિપોર્ટમાં કહેવાયું છે કે, માલખાનામાં રાખેલા ગાંજાને ઊંદર ખાઈ ગયા છે. થોડો વધેલો ગાંજો ફેંકી દેવામાં આવ્યો છે. બંને ચોકીના પ્રભારીઓએ જ્યારે કોર્ટમાં આવો રિપોર્ટ આપ્યો તો, કોર્ટે ૨૬ નવેમ્બરે આ મામલામાં પુરાવા સાથે હાજર રહેવાના આદેશ આપ્યા છે. હવે જોવાનું એ રહેશે કે, થાના શેરગઢ પોલીસ અને હાઈવે પોલીસે આ મામલે કોર્ટમાં પુરાવા રજૂ કરી શકે છે કે નહીં, જો કે, હાલમાં ૫૮૧ કિલો ગાંજો ઊંદર ખાઈ ગયા એ વાત પ્રદેશમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### રેલવેએ ૧૬ મહિનામાં ૧૭૭ કર્મચારીઓને કાઢી મૂક્યા

# દર 3 દિવસે નોન-પરફોર્મર કર્મચારીને છૂટા કર્યા, ૧૩૯ અધિકારીઓને વોલન્ટરી રિટાયરમેન્ટ

### આ પગલું કામ નહીં કરનારાને બહાર નિકાળવાના કેન્દ્રના પ્રયાસનો હિસ્સો છે.

નવીદિલ્હી,તા.૨૪

રેલવેએ ૧૬ મહિનામાં ૧૭૭ કર્મચારીઓને નિકાળ્યા છે. અધિકારીઓને બતાવ્યું કે જુલાઇ, ૨૦૨૧થી દર ત્રણ દિવસે એક ભ્રષ્ટ અધિકારી અથવા નોન-પરફોર્મરને બહાર નિકાળ્યા છે. અત્યાર સુધીમાં ૧૩૯ અધિકારીઓને વોલન્ટરી રિટાયરમેન્ટ લેવા માટે મજબૂર કરવામાં આવ્યા, જ્યારે ૩૮ને સર્વિસમાંથી હટાવ્યા છે.



અધિકારીઓએ કહ્યું કે ૧૩૯માંથી કેટલાક અધિકારી એવા છે, જેમને પ્રમોશન નહીં મળવાથી કે રજા પર મોકલવા પર રાજીનામું આપ્યું હતું કે ફઈજીનો વિકલ્પ પસંદ કર્યો. આમાં એવા પણ મામલા છે, જ્યાં તેમને રિટાયરમેન્ટનો વિકલ્પ પસંદ કરવા માટે મજબૂર કરવાના સંજોગો ઊભા કરવામાં આવ્યા.

એક અધિકારીએ જાણકારી આપી કે બે સિનિયર ગ્રેડ અધિકારીઓને બુધવારને છૂટા કરવામાં આવ્યા. એમાંથી એકને સીબીઆઈએ પાંચ લાખ રૂપિયાની લાંચની સાથે હૈદરાબાદમાં, જ્યારે બીજાને ત્રણ લાખ રૂપિયા સાથે રાંચીમાં પકડ્યો હતો. તેમણે બતાવ્યું કે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના પરફોર્મન્સને લઈને આપવામાં આવેલા પોતાના સંદેશ 'કામ કરો અથવા ઘેર બેસો'ને લઈને બહુ સ્પષ્ટ છે.

અધિકારીઓએ બતાવ્યું- અમે જુલાઇ ૨૦૨૧થી દર ત્રણ દિવસે રેલવેના એક ભ્રષ્ટ અધિકારીને બહાર કાઢ્યો છે. તેના માટે રેલવેએ કાર્મિક અને પ્રશિક્ષણ સેવા નિયમોના નિયમ ૫૬ (જે)નો ઉપયોગ કર્યો છે, જે કહે છે કે એક સરકારી કર્મચારીને કમસે કમ ૩ મહિનાની નોટિસ અથવા સમાન સમયમાં ચૂકવણું કર્યા બાદ રિટાયર કે બરખાસ્ત કરી શકાય છે.

અધિકારીઓના અનુસાર, આ પગલું કામ નહીં કરનારાને બહાર નિકાળવાના કેન્દ્રના પ્રયાસનો હિસ્સો છે. અશ્વિની વૈષ્ણવે જુલાઇ ૨૦૨૧માં રેલવે મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી અધિકારીઓને વારંવાર ચેતવણી આપી કે જો તેઓ સારું પ્રદર્શન નથી કરતા તો વીઆરએસ લઈને ઘરે બેસી જાય. સૂત્રો અનુસાર જે લોકોને વીઆરએસ લેવા માટે મજબૂર કરવામાં આવ્યા કે બરખાસ્ત કરવામાં આવ્યા, તેમાં વધુ પડતા ઈલેક્ટ્રિકલ અને સિગ્નલિંગ, ચિકિત્સા અને સિવિલ સેવાઓના અધિકારી અને સ્ટોર, પરિવહન અને મિકેનિકલ વિભાગના કર્મચારી સામેલ છે.

વોલન્ટરી રિટાયરમેન્ટ હેઠળ, એક કર્મચારીની શેષ સેવાના દર વર્ષના બે મહિનાના વેતન બરાબર વેતન આપવામાં આવે છે.

પરંતુ કમ્પલસરી રિટાયરમેન્ટમાં સમાન લાભ ઉપલબ્ધ નથી. મૌલિક નિયમો અને સીસીએસ(પેન્શન) નિયમ, ૧૯૭૨માં સમય પહેલાં રિટાયરમેન્ટ સંબંધિત નિયમો હેઠળ ઉપયુક્ત પ્રાધિકારીને નિયમ સીસીઓસ (પેન્શન) નિયમાવલી, ૧૯૭૨, જેવો મામલો હોય, કદાચ જનહિતમાં આવું કરવું આવશ્યક છે, તો સરકારી કર્મચારીને રિટાયર કરવાનો પૂરો અધિકાર છે.

# કેન્દ્ર સરકાર મોંઘવારી ભથ્થામાં વધારો કરી તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૨૪

કેન્દ્રીય કર્મચારીઓનો પગાર આવતા વર્ષે પણ વધી શકે છે. સરકાર કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં આવતા વર્ષની શરૂઆતમાં જ વધારો કરી શકે છે. સરકાર દર વર્ષે બે વાર મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે. કેન્દ્રીય કર્મચારીઓને જુલાઈ ૨૦૨૨થી ૩૮ ટકા મોંઘવારી ભથ્થું મળી રહ્યું છે. ઢછમાં વધારો ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર આધારિત છે. સરકાર કર્મચારીઓને ડીએ આપે છે, જ્યારે પેન્શનરોને મોંઘવારી રાહત આપવામાં આવે છે. સમગ્ર દુનિયામાં મોંઘવારીથી હાહાકાર, પેરિસમાં હજારો લોકો સરકાર વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા

હવે મોંઘવારી ભથ્થામાં આગામી સુધારો જાન્યુઆરી ૨૦૨૩માં થશે. જુલાઈથી સપ્ટેમ્બર સુધીના ફુગાવાના આંકડા કરવામાં આવ્યા છે અને નવેમ્બરના અંતમાં ઓક્ટોબરનો ફુગાવાનો દર પણ જાણી શકાશે. નિષ્ણાતોનું કહેવું છે કે, સરકાર આવતા વર્ષે કર્મચારીઓના ઢછમાં ૪ ટકાનો વધારો કરી શકે છે. આ રીતે મોંઘવારી ભથ્થું વધીને ૪૨ ટકા થઈ શકે છે. ગયા મહિને રિટેલ અને જથ્થાબંધ મોંઘવારી દરમાં ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ, વૈશ્વિક ફુગાવો હજુ પણ ઘણો ઊંચો છે. તેની અસર હજુ પણ રહી શકે છે.

વર્ષ ૨૦૨૨માં સરકારે સરકારી કર્મચારીઓના ઢછમાં બે વખત ૭ ટકાનો વધારો કર્યો છે. જાન્યુઆરીમાં મોંઘવારી ભથ્થું ૩૧ ટકાથી વધારીને ૩૪ ટકા કરવામાં આવ્યું હતું. આ રીતે સરકારે ઢછમાં ૩ ટકાનો વધારો કર્યો છે. જુલાઈમાં સરકારે ડીએમાં ૪ ટકાનો વધારો કર્યો હતો અને તેને ૩૪ ટકાથી વધારીને ૩૮ ટકા કર્યો હતો. સરકારના આ પગલાથી ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૨ લાખ પેન્શનધારકોને ફાયદો થયો છે.કર્મચારીઓ માટે દર છ મહિને મોંઘવારી ભથ્થામાં સુધારો કરવામાં આવે છે. પરંતુ, ૭માં પગાર પંચ હેઠળ તેમાં એક શરત ઉમેરવામાં આવી છે.

# એનીમલ હેલ્પલાઈન દ્વારા સાધુ વાસવાણી મીટ લેસ ડે પર 'સર્વશ્રેષ્ઠ આહાર, શાકાહાર' વિષય પર વેબિનાર






કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન - રાજકોટ દ્વારા સાધુ વાસવાણી મીટ લેસ ડે પર 'સર્વશ્રેષ્ઠ આહાર, શાકાહાર' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણી-જીવમાત્રનાં સેવક સાધુ ટી.એલ. વાસવાણીજીનાં જન્મદિવસે "ઈન્ટરનેશનલ મીટ લેસ ડે" ઉજવવામાં આવે છે. વર્તમાન સમયમાં જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા ગેરમાર્ગે દોરાયેલા લોકો પણ જોડાયા છે. ભારત દેશમાં તો પશુ-પક્ષી-પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા. પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે. વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે, હૃદય સબંધી રોગોથી દુર રાખીને કાયમ લાંબી આયુનું વરદાન આપે છે, ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શાકાહાર વિષે આવી જ અવનવી બાબતો જાણવા કરુણા ફાઉન્ડેશન દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટનાં ભારત સરકારનાં પૂર્વ મંત્રી વલ્લભભાઈ કથીરિયા, સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, સદભાવના વૃદ્ધાશ્રમનાં વિજયભાઈ ડોબરિયા, કેળવણીકાર મેહુલભાઈ રૂપાણી, આદીજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટનાં જયેશભાઈ જરીવાલા, ગાર્ડી વિદ્યાપીઠનાં ધર્મેન્દ્રભાઈ મહેતા, જૈન શ્રેષ્ઠી સંજયભાઈ મહેતા, સિંધી સમાજ અગ્રણી સર્વાનંદભાઈ સોનવાણી, શીખ સમાજ અગ્રણી હરિસિંહભાઈ સુચરિયા, મિત્તલ ખેતાણી, રમેશભાઈ ઠક્કર વિષયોક્ત માર્ગદર્શન આપશે. આ વેબિનાર ૨૫ નવેમ્બર, શુક્રવારનાં રોજ બપોરે ૨ : ૩૦ વાગ્યે એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પેઈજ https://www.facebook.com/animalhelplinekarunafoundation પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ વેબિનારમાં જોડાવવા મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી , રમેશભાઈ ઠક્કર , ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગે વિશેષ માહિતી માટે મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), રમેશભાઈ ઠક્કર (મો. ૯૯૦૯૯ ૭૧૧૧૬) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાહુલે તાંત્યાના જન્મસ્થળે પહોચ્યાઃ તાંત્યા મામા એક વિચાર, એક વિચારધારા હતા

ખંડવા,તા.૨૪

એમપીમાં ભારત જોડો યાત્રાના બીજા દિવસે રાહુલ ગાંધી આદિવાસી નેતા તાંત્યા મામાના જન્મસ્થળ પહોંચ્યા હતા. અહીં એક સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે આદિવાસીઓ આ દેશના સાચા માલિક છે. તેમણે કહ્યુ કે ભાજપ આદિવાસીઓને વનવાસી કહે છે, તેની પાછળ તેમની અલગ વિચારસરણી છે. આ માટે ભાજપે આદિવાસીઓની માફી માંગવી જોઈએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે અંગ્રેજોએ તાત્યા મામાને ફાંસી આપી અને આરએસએસની વિચારધારાએ અંગ્રેજોને મદદ કરી. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યા હતા કે આદિવાસીઓ પર સૌથી વધુ અત્યાચાર મધ્યપ્રદેશમાં થઈ રહ્યા છે.

અમને એવું રાજ્ય નથી જોઈતું, અમને એવું રાજ્ય જોઈએ છે જે આદિવાસીઓને સન્માન અને રક્ષણ આપે.

રાહુલ ગાંધીએ આદિવાસી નેતા તાંત્યા મામા વિશે કહ્યું કે તેઓ એક વિચાર, એક વિચારધારા છે. તેમની વિચારસરણી અને વિચારધારાને કારણે હું અહીં આવ્યો છું.

આ પહેલા રાહુલ ગાંધીએ પોતાના ભાષણની શરૂઆત જય જોહર, જય આદિવાસી કહીને કરી હતી. અગાઉ કોંગ્રેસના ધારાસભ્ય ઝુમા સોલંકીએ પરંપરાગત આદિવાસી વેશભૂષા સાથે જેકેટ પહેરાવીને રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ખંડવાના બોરગાંવ બુઝુર્ગથી શરૂ થઈ હતી. રાહુલ અત્યારસુધી ૮ કિમી ચાલ્યા હતા. મધ્યપ્રદેશમાં આ યાત્રાનો બીજો દિવસ છે.

રાહુલની સાથે મધ્યપ્રદેશ કોંગ્રેસના તમામ નેતાઓ અને તેમની બહેન પ્રિયંકા ગાંધી પણ યાત્રામાં જોડાયા હતા. આજે યાત્રાનો ૭૮મો દિવસ છે. પ્રિયંકા પહેલીવાર આ યાત્રામાં જોડાયા. તેમની સાથે રોબર્ટ વાડ્રા અને પુત્ર રેહાન વાડ્રા પણ હતા.

આ યાત્રામાં કનૈયા કુમાર પણ જોડાયો હતો. આ પહેલાં સોનિયા ગાંધી ૧ દિવસની યાત્રામાં જોડાયાં હતાં.

રાહુલ ગાંધીએ અહીં તાંત્યા ભીલના જન્મસ્થળની મુલાકાત લીધી હતી.

અહીંથી યાત્રા છૈગાંવ માખણ તરફ આગળ વધશે, જ્યાં નુક્કડ સભા પછી બીજા દિવસે યાત્રા સમાપ્ત થશે. રાત્રિ રોકાણ ખરગોન જિલ્લાના ખેરદા ખાતે થશે.

રાજ્યમાં આ યાત્રા બુધવારે બુરહાનપુરના બોદર્લી ગામથી શરૂ થઈ હતી.

આ યાત્રા ૧૨ દિવસમાં છ જિલ્લાને આવરી લેશે અને ૪ ડિસેમ્બરે રાજસ્થાનમાં એન્ટ્રી કરશે.

# આ માત્ર પાંચ વર્ષ માટેની ચૂંટણી નથી પણ આગામી ૨૫ વર્ષ બાદ ગુજરાત કેવું દેખાશે તે માટેની ચૂંટણી છે.: વડાપ્રધાન

## અમારી સરકારે ઘરે ઘરે નળથી જળ અને સિંચાઈ માટે પાણી પહોંચાડી રહી છે

અમદાવાદ,તા.૨૪

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ રાજ્યમાં વિવિધ સ્થળો સ્ટાર પ્રચારકો દ્વારા વિવિધ જનસભાઓ શરૂ કરી દેવાઈ છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં આવી વિવિધ જનસભાઓ સંબોધી રહ્યા છે. દરમિયાન આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે પાલનપુર તેમજ મોડાસામાં જનસભાઓ સંબોધી હતી. ત્યારબાદ મોદી દહેગામ પહોંચ્યા છે.



આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'હું દિલ્હીમાં છું, આ મારું સપનું છે, આ સપનું પુરૂ કરવાં કમલને મોકલવું પડશે'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું અહીં દહેગામની પ્રજાને અભિનંદન આપવા આવ્યો છું. બપોરના સમયે આટલી મોટી સંખ્યામાં તમામ લોકોએ ઉપસ્થિત રહી વટ પાડી દીધો. આઝાદીના ૭૫ વર્ષના અમૃતકાળમાં આ પહેલી ચૂંટણી છે. આ માત્ર પાંચ વર્ષ માટેની ચૂંટણી નથી પણ આગામી ૨૫ વર્ષ બાદ ગુજરાત કેવું દેખાશે તે માટેની ચૂંટણી છે. તમામ સમૃદ્ધ દેશોના માપદંડોની આગળ ગુજરાત હોય તે માટે આપણે કામ કરવાનું છે. આજે ગુજરાતે જે ૨૦ વર્ષમાં કરી બતાવ્યું છે, તેમાં આત્મસાદ કરી મૂળભૂત વિકાસ કરી મુખ્ય રાજ્ય તરીકે આગળ વધ્યું છે. હું જ્યારે પ્રથમવાર મુખ્યમંત્રી બન્યો ત્યારે વીજળી માટે માંગ કરાઈ હતી. આજે ૨૪ કલાક વીજળી જોવા મળી રહી છે. અમારી સરકારે ઘરે ઘરે નળથી જળ અને સિંચાઈ માટે પાણી પહોંચાડી રહી છે. સુજલામ સુફલામ સિવાય દેશભરમાં અમૃત સરોવર પણ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

દહેગામમાં સંબોધન દરમિયાન તેમણે ભારતની અર્થવ્યવસ્થા અંગે પણ વાત કહી હતી. તેમણે કહ્યું કે, દેશની અર્થવ્યવસ્થા આજે પાંચમાં ક્રમાંકે છે.

મને જ્યારે દિલ્હી મોકલ્યો ત્યારે આ અર્થવ્યવસ્થા ૧૦માં નંબર પર હતી. આપણા પર ૨૫૦ વર્ષથી જે લોકોએ રાજ કર્યું, તેમણે પાછળ છોડી દીધા એને મને આનંદ છે. જોકે હવે આપણે અર્થવ્યવસ્થામાં એકથી ત્રણ નંબરમાં પહોંચવાનું છે. આ સભા દરમિયાન મોદીએ મહત્વની વાત કરતા જણાવ્યું કે, દહેગામ અને ગાંધીનગર ટ્વિન સિટી હશે. એટલું જ નહીં ગિફ્ટ સિટીમાં જે રોકાણ કરવા આવશે, તેઓ દહેગામ અને કલોલમાં જ રહેવા આવશે. દેશભરમાં કલોલ, દહેગામ, ગાંધીનગર વિકાસના નામે ઓળખાશે. તેમણે ગાંધીનગરના વિકાસની વાત કરી કહ્યું કે, અહીં ગામડુ અને શહેર બંનેમાં સરખો વિકાસ થયો છે. તેમણે કહ્યું કે, આ વાત યાદ રાખજો કે, એ દિવસ દૂર નથી, જ્યારે ગાંધીનગર, દહેગામ, કલોલ ટ્વિન સિટી હશે. આગામી સમયમાં આ ત્રણેય જિલ્લાઓ આખા રાજ્યની આર્થિક કામગીરીને દોડાવનારું મુખ્ય કેન્દ્ર બનશે.

તેમણે કહ્યું, હું દિલ્હીમાં છું, આ મારું સપનું છે, આ સપનું પુરૂ કરવાં કમળને મોકલવું પડશે. તેમણે કહ્યું કે, જો મારું સપનું હોય અને રાજ્યની મદદ મળે તો ફાયદો બધાને મળશે. જોકે કમલને અહીંથી મોકલવું પડશે. તેમણે કહ્યું કે, વિશ્વની એક માત્ર ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરમાં આવેલી છે. એટલું જ નહીં વિશ્વની એકમાત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એ આપણા ગાંધીનગરમાં છે. મોદીએ ગુજરાતના શિક્ષણ બજેટ અંગે કહ્યું કે, ૨૦થી ૨૫ વર્ષ પહેલા રાજ્યના શિક્ષણનું બજેટ રૂપિયા ૧૬૦૦ કરોડ હતું. આજે તેમાં વધારો કરાયો છે અને તે વધીને રૂ. ૩૩૦૦૦ કરોડ રૂપિયાએ પહોંચાડાયું છે. આમાં જ ગુજરાતની પ્રગતિ છે.દહેગામમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજાયેલી ચૂંટણીસભામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલ તેમજ વિવિધ નેતાઓ, કાર્યકરો અને ગાંધીનગર જિલ્લા ભાજપના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ ચોરી કરવાનું કૌભાંડ, પોલીસે એક આરોપીની ધરપકડ કરી

અમદાવાદ,તા.૨૪

જો તમારા ઘરે આવતા ગેસ સિલિન્ડરનું વજન કર્યા વિના તમે સિલિન્ડરની ડિલિવરી લો છો તો ચેતી જજો. કારણ કે અમદાવાદમાં ફરી એક વાર ગેસ સિલિન્ડરમાંથી ગેસ રિફીલીંગ ચોરીનું કૌભાંડ ઝડપાયું છે. અમદાવાદના જ એક વિસ્તારમાં એલપીજી ગેસ સિલિન્ડરનું કટીંગ મોટા પાયે ચાલતું હોવાની બાતમી આધારે એક આરોપીને પોલીસે ઝડપ્યા છે. ઝડપાયેલો આરોપી છેલ્લા કેટલાય સમયથી સિલિન્ડર રીફિલિંગ કરી જરૂરિયાતમંદોને ઉંચા ભાવે વેચતા હોવાનું પણ સામે આવ્યું છે. જોકે આખાય કૌભાંડમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે? તે અંગે તપાસ કરવા પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ કટિંગ કરીને ખાલી સિલિન્ડરમાં રિફીલીંગ કરી બારોબાર વેચી દેનાર એક યુવકની વાડજ પોલીસે ધરપકડ કરી છે. જુના વાડજ વિસ્તારમાં નરસિંહ ભાઈની ચાલી સામે ખુલ્લી જગ્યામાં ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ ચોરીની બાતમી વાડજ પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે રેડ પાડતા એક ભરેલા સિલિન્ડરમાંથી ખાલી સિલિન્ડરમાં ગેસ રિફીલીંગ કરતો યુવક રંગેહાથ ઝડપાયો હતો. આરોપી પાસેથી અલગ અલગ ૧૧ ગેસના સિલિન્ડર કબ્જે કરવાના આવ્યા છે. આ મામલે વાડજ પોલીસે ભરત પરમાર નામના યુવકની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે.

પકડાયેલો આરોપી ભરત પરમાર શાસ્ત્રીનગરમાં આવેલી ઇન્ડિયન ગેસની અર્જુન ગેસ એજન્સીમાં ૨ વર્ષથી પેટા ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો અને ખાલી બાટલામાં ગેસ રિફિલ કરી ૧૧૦૦ રૂપિયામાં વેચી નાખતો હતો. પોલીસ તપાસમાં છેલ્લા ૨ વર્ષથી ઘરેલુ ગેસના સિલિન્ડરમાંથી ગેસની ચોરી કરતો હોવાનું કબૂલાત કરી છે. ત્યારે ગેસની ચોરી કરવા એક પાઈપથી ખાલી સિલિન્ડરમાં રિફીલિંગ કરી ચોરી કરતો હતો..

# ભારત માતા કી જયઃ વીર શહીદને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપવામાં આવી

ઉના,તા.૨૪

ઉનાના ડમાસા ગામના લાલજીભાઈ કરશનભાઈ બાંભણિયા શાહિદ થતા તેમના પાર્થિવદેહને વતન લાવવામાં આવ્યો હતો.મોટીસંખ્યામાં લોકો અંતિમ યાત્રામાં જોડાયા હતા.ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપવામાં આવી હતી. વીર શહીદનો પાર્થિવ દેહ જ્યારે વતન પહોંચ્યો કે આખું ગામ અંતિમ વિદાયમાં જોડાયું હતું. આ દરમિયાન ભારત માતા કી જય, ના નારા લાગ્યા હતા. તો કેટલાક લોકોની આંખમાં પાણી આવી ગયું હતું. શહીદ જવાનની અંતિમવિધિ દરમિયાન દેશભક્તિના ગીતો વગાડવામાં આવ્યા હતા.પ્રાપ્ત વિગત પ્રમાણે ઉનાના ડમાસા ગામના લાલજીભાઈ કરશનભાઈ બાંભણિયા માતૃભૂમિની રક્ષા કરતા કરતા ચાલુ ફરજ દરમ્યાન તબિયતનાદુરસ્ત થતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને સારવાર દરમિયાન વીરગતિને પ્રાપ્ત થયા હતા.જવાનનાપાર્થિવ દેહને ડમાસા ગામે લાવવામાં આવ્યો હતો અને ઉના ખાતે સાથી જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.ઉનાના ડમાસા ગામમાં રહેતા લાલજીભાઈ બાંભણિયા છેલ્લા ૭ વર્ષથી આર્મીમાં ફરજ બજાવતા હતા. લાલજીભાઈ બાંભણિયાઅરુણાચલ પ્રદેશ ખાતે ફરજમાં હતા. દરમિયાન બરફવાળા વિસ્તારમાં ફરજ બજાવતા તબિયત નાદુરસ્ત થતા એક માસ પહેલા કોલકત્તાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બે દિવસ પહેલા ૨૯ વર્ષીય લાલજીભાઈનું નિધન થયું હતું. આ દુઃખદ ઘટનાની જાણ પરિવાર સહિત આખું ડમાસા ગામ હિબકે ચઢયું હતું.જવાન લાલજીભાઈ બાંભણિયાના પાર્થિવ દેહને વતન ડમાસા ગામ લાવવામાં આવ્યો હતો.અંતિમ દર્શન માટે લોકો મોટી સંખ્યા ઉમટી પડ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. લાલજીભાઈનો પાર્થિવદેહ ડમાસા ગામે પહોંચતા વિર શહીદ લાલજીભાઈ અમર રહો, જબ તક સુરજચાંદ રહેગા લાલજીભાઈતુમ્હારા નામ રહેગાના નારા સાથે અંતિમ યાત્રા નીકળી હતી અને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપવામાં આવીહતી.પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયો હતો.લાલજીભાઈ પરિવારમાં કુલ ૭ સભ્યો છે.જેમાં પિતા કરશનભાઈ ,માતા બેનાબેન,શહીદ જવાન લાલજી ભાઈના પત્ની દિવુબેન, પુત્ર પ્રિયાંશ, તથા શહીદ જવાનના નાનાભાઈ વિપુલભાઈ તથા નાની હિરલબેન મળી કુલ ૭ સભ્યો સંયુક્ત કુટુંબમાં રહે છે.

# વડાપ્રધાનના આવે તેના એક કલાક પહેલાં જ ટ્રાફિક બંધ કરાતાં ભારે રોષ,હોર્ન વગાડી,ચીચીયારી પાડી વિરોધ કર્યો

વડોદરા,તા.૨૪

વડાપ્રધાન સીધા હેલિકોપ્ટરથી મેદાનમાં આવનાર હોવા છતાં એક કલાક પહેલાં જ અનેક વિસ્તારોમાં ટ્રાફિક બંધ કરી દેવાતાં લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વડાપ્રધાનની યોજાનારી જાહેરસભાનો સમય બપોરે ૪.૩૦ વાગે જાહેર કરવામાં આવ્યો હતો.પરંતુ તેઓ જતી વખતે નવલખી મેદાનથી બાય રોડ એરપોર્ટ જવાના હોવાથી પોલીસે ટ્રાફિક ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડયું હતું.

જો કે,મોદીજી હેલિકોપ્ટરથી સીધા મેદાનમાં આવ્યા હતા.પરંતુ તેઓ પરત ફરે તેના એક કલાક પહેલાં જ ફતેગંજ બ્રિજ તેમજ આસપાસના વિસ્તારો સહિતના સ્થળોએ ટ્રાફિક બંધ કરી દેવાયો હતો.જેને કારણે ચારે બાજુએ ચક્કાજામ થઇ ગયો હતો.

એક તબક્કે ટ્રાફિકમાં અટવાઇ ગયેલા લોકોએ બૂમો પાડીને તેમજ હોર્ન વગાડીને રોષ વ્યક્ત કર્યો હતો.તેમણે વારંવાર ચીચીયારીઓ પણ પાડી હતી.આખરે લોકોનો રોષ ફાટે તેમ જણાતાં જોઇન્ટ પોલીસ કમિશનર મનોજ નિનામા દોડી આવ્યા હતા અને તેમણે થોડીવાર માટે ટ્રાફિક ચાલુ કરાવી મોદીજીની સભા પુરી થાય તે પહેલાં ફરી બંધ કરાવી સ્થિતિ સંભાળી હતી.

શહેરમાં ઠેરઠેર ટ્રાફિક જામ થતાં કેટલાક સ્થળોએ એમ્બ્યુલન્સો પણ અટવાઇ ગઇ હતી.તો કેટલાક સ્થળોએ વિદ્યાર્થીઓ પણ ફસાયા હતા.જેને કારણે વાહનચાલકોમાં આક્રોશની લાગણી વ્યક્ત થઇ હતી.ફતેગંજ વિસ્તારમાં પોણો થી એક કલાક સુધી ટ્રાફિકમાં ફસાયેલા લોકોએ વારંવાર ચીચીયારીઓ પાડી વિરોધ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત મજૂરોને દૈનિક વેતન આપવામાં સૌથી પાછળ, કેરળ રાજય નંબર-૧ ઉપર છે

નવીદિલ્હી,તા.૨૪

ભારતમાં દર ૧૨ મિનિટે એક મજૂર આત્મહત્યા કરે છે. ઘણી વખત આ મજૂરોની આત્મહત્યાનું કારણ આર્થિક તંગી પણ જોવા મળતા હોય છે. આરબીઆઇના નવા રિપોર્ટમાં મજૂરોના વેતનને લઈને ઘણા મોટા ખુલાસા થયા છે. ૨૦૨૧-૨૨ના આંકડા દર્શાવે છે કે, ગુજરાત અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો મજૂરોને દૈનિક વેતન આપવામાં સૌથી પાછળ છે, જ્યારે કેરળ એવું રાજ્ય છે, જ્યાં મજૂરોનું વેતન સૌથી વધુ જોવામાં આવે છે.

આરબીઆઈના રિપોર્ટ અનુસાર, ૨૦૨૧-૨૨માં કૃષિ મજૂરોનું રાષ્ટ્રીય સરેરાશ દૈનિક વેતન ૩૨૩.૨ રૂપિયા હતી. મધ્યપ્રદેશના ગ્રામીણ વિસ્તારોમાં, ખેતમજૂરોને દૈનિક વેતન રૂ. ૨૧૭.૮, તો ગુજરાતમાં તે રૂ. ૨૨૦.૩ છે. બીજી તરફ, કેરળમાં ગ્રામીણ ખેતમજૂરોને ૭૨૬.૮ રૂપિયા દૈનિક વેતન આપવામાં આવે છે. બાકીના રાજ્યોની વાત કરીએ તો ઓડિશામાં દૈનિક વેતન રૂ. ૨૬૯.૫, ત્રિપુરામાં રૂ. ૨૭૦, મહારાષ્ટ્રમાં રૂ. ૨૮૪.૨ અને યુપીમાં રૂ. ૨૮૮.૦ છે.

આ ઉપરાંત, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને તમિલનાડુએ કેરળ પછી સૌથી વધુ દૈનિક વેતન આપ્યું હતું. જમ્મુ અને કાશ્મીરના ગ્રામીણ વિસ્તારોમાં ખેત મજૂરોને રૂ. ૫૨૪.૬, હિમાચલમાં રૂ. ૪૫૭.૬ અને તમિલનાડુમાં રૂ. ૪૪૫.૬ આપવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં બાંધકામમાં રોકાયેલા પુરૂષ મજૂરોને ૨૦૨૧-૨૨માં સરેરાશ દૈનિક વેતન રૂ. ૩૭૩.૩ મળ્યું છે. અહીંયા પણ કેરળ મોખરે છે અને ગુજરાત તેમજ મધ્યપ્રદેશ પાછળ છે. કેરળમાં બાંધકામ કરતા કામદારોને રોજનું ૮૩૭.૭ રૂપિયા વેતન મળે છે. જ્યારે ગુજરાતમાં દૈનિક વેતન રૂ. ૨૯૫.૯ અને સ્માં રૂ. ૨૬૬.૭ છે.

ગયા વર્ષે, બાગાયતમાં રોકાયેલા મજૂરોનું સરેરાશ દૈનિક વેતન રૂ.૩૨૯.૭ હતું. આ મજૂરોને માત્ર સ્ અને ગુજરાતમાં જ સૌથી ઓછુ દૈનિક વેતન મળે છે. બાગાયતમાં રોકાયેલા મજૂરોને એમપીમાં રૂ. ૨૦૩.૫ અને ગુજરાતમાં રૂ. ૨૧૬.૫ મળ્યા છે, જ્યારે કર્ણાટકે મહત્તમ દૈનિક વેતન રૂ. ૩૯૮.૬ આપ્યું છે. ખેતી સિવાયના અન્ય કામોમાં રોકાયેલા મજૂરોને સરેરાશ દૈનિક વેતન રૂ.૩૨૬.૬ છે.

અહીં પણ કેરળ ટોચ પર રહ્યું અને એમપી-ગુજરાત તળિયે રહ્યું છે. કેરળમાં બિન-કૃષિ કામોમાં રોકાયેલા પુરૂષ મજૂરોને ૨૦૨૧-૨૨માં ૬૮૧.૮ રૂપિયા દૈનિક વેતન મળ્યું છે.

૨૫ નવેમ્બર, " ઇન્ટરનેશનલ મીટ લેસ ડે"

# માંસાહાર, સર્વ નાશાહાર - ઇન્ટરનેશનલ મીટ લેસ ડે, સાધુ વાસવાણીજી જન્મજયંતી લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો






દર વર્ષે ૨૫ નવેમ્બરે કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણી-જીવમાત્રનાં સેવક સાધુ ટી.એલ. વાસવાણીજીનાં જન્મદિવસે "ઇન્ટરનેશનલ મીટ લેસ ડે" ઉજવવામાં આવે છે. સાધુ વાસવાણીજીનું સંપૂર્ણ જીવન સમાજ સેવા થકી પ્રભુ સેવાનાં કાર્યોમાં જ પસાર થયું હતું. ૧૯૬૩માં હૈદરાબાદમાં કન્યાઓ માટે સેન્ટ મીરા સ્કુલની સ્થાપના કરી તેઓએ કન્યા કેળવણી (શિક્ષણ) પર ભાર મુક્યો કારણ કે તેઓ માનતા હતા કે જે ઘરમાં સ્ત્રી શિક્ષિત હશે તે આખું કુટુંબ શિક્ષિત બનશે તેઓ અભ્યાસમાં ચારિત્ર્ય નિર્માણ પર ભાર મુકતા સાદગી, સેવા પવિત્રતા અને પ્રાર્થના તેમના મુખ્ય ચાર સિધ્ધાંતો રહ્યા હતાં. તેઓ કહેતા કે માસનો ન ખાવાથી આપણે ઘણી બધી બિમારીઓ જેવી કે મેદવૃદ્ધિ, હૃદયને લગતી બિમારીઓ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અને અમુક પ્રકારનાં કેન્સર (ખાસ કરીને ફેફસાના કેન્સરથી) બચી શકીએ છીએ. માસ શાકભાજી કરતા મોંઘુ હોવાથી તેની વપરાશ ઘટાડવાથી નાણાની બચત પણ કરી શકાય છે ઉપરાંત માસ ખાવાથી થતી બિમારીઓનો જોખમ ઘટવાથી દવાઓ પાછળ થતા ખર્ચને પણ બચાવી શકાય છે અને આ રીતે સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુધારા દ્વારા આપણે દેશ માટે વધુ ઉપયોગી કાર્ય કરી શકીએ છીએ.

માંસાહાર એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ જ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઇન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઇબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઇબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઇબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્‍વનું ઘટક સેરીબ્રોસાઇડ નામનું તત્‍વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપ્પોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દૂર રહેવું જોઈએ.

લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.

# કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવત સહિત પાસના ૧૫૦૦થી વધુ કન્વિનરોએ કેસરીયો કર્યો

અમદાવાદ,તા.૨૪

કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવત ભાજપમાં જોડાયા છે, સાથે જ પાટીદાર અનામત આંદોલન સમિતિના ૧૫૦૦થી વધુ કન્વિનરોએ પણ કેસરિયો ધારણ કર્યો છે. અમદાવાદ પાસ કન્વિનર જયેશ પટેલ અને મધ્ય ગુજરાત પાસ કન્વિનર ઉદય પટેલની આગેવાનીમાં અન્ય કન્વિનરો અને ટીમ સહીત ૧૫૦૦ થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા છે.કરણીસેનાના અધ્યક્ષ રાજ શેખાવતે કેસરિયો ધારણ કર્યા બાદ જયેશ પટેલ, ઉદય પટેલ, ધર્મેશભાઈ પટેલ, યશ પટેલ,રાધે પટેલ,બ્રિજેશ પટેલ, ભાવેશ પટેલ,મિલનભાઈ કાવર,હિલ પટેલ, જીતેન્દ્ર પટેલ,ડાહ્યાભાઈ પટેલ, શૈલિન પટેલ, શૈલિન પટેલ,ક્રિષ્ના પટેલ,મૌલિક પટેલ, મિત પટેલ અને શૈલેષ પટેલે પણ કેસરિયો ધારણ કર્યો છે. કમલમ ખાતે પ્રદીપસિંહ વાઘેલાએ તમામનું સ્વાગત કર્યુ છે.

પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આજે કમલમ ખાતે રાજકીય અને સામાજીક કાર્યકરો ભાજપમાં જોડાયા તેનું સ્વાગત કરું છું. પાસ કન્વિનરોએ જણાવ્યું કે, આવનારા વર્ષોમાં આ લોકો દેશ સેવા માટે કામ કરે તે ખાતરી આપું છું. મેં કોંગ્રેસમાં જે જવાબદારી સોંપી તે અમે નિભાવી. પાટીદાર આંદોલનમાં પણ સક્રિય ભૂમિકા ભજવી. કોંગ્રેસમાં જે કાર્યકરોની અવગણના થઈ રહી છે. મારુ ૧૦૦ ટકા આપીશ અને ભાજપ પાર્ટી સોંપશે તે જવાબદારી સંભાળીશ. અમે ફી માફીની રજૂઆત કરી હતી માન્ય રાખી હતી. મેં કોઈ ટીકીટ માંગી નથી. જો પુરાવો મળે તો જાહેર જીવન છોડવા તૈયાર છું.

મારે ચૂંટણી લડવી નથી કેમ કે હું કોંગ્રેસની સ્થિતિ જાણીએ છે. થોડા દેસ પાછળ ખેંચાય છે અન્યનો ટેક્નિક નિવેશો લાવીશું. સારું કામ કરવામાં કોંગ્રેસમાં અનેક અવરોધ હતા તે દૂર કરવા માટે દ્રઢ માં જોડાયો છું. હાર્દિકને લાગ્યું ત્યારે તે જોડાયો અને મને લાગ્યુ ત્યારે હું જોડાયો.

ભાજપમાં જોડાયા બાદ રાજ શેખાવતે જણાવ્યું હતું કે, હું સી આર પાટીલ અને ભાજપનો આભાર માનું છું. અમે ૨૦૧૭થી લોકસેવા કરીએ છે. હવે સત્ત પરથી સાથે જન સેવાનું કાર્ય આગળ વધારીશું. કોઈપણ ઘટના બની ત્યારે ક્ષત્રિયને યાદ કરવામાં આવી રહ્યા છે. હવેથી દર મહિને જિલ્લાની ટીમ ભાજપમાં જોડાશે. આંદોલનકારી માટે ધરપકડ થતી હોય છે. સરકાર સામે અમારી લડત હતી. લોકસેવાની મોકો ભાજપે આપ્યો છે. અમારો નિર્ણય ક્ષત્રિય અને ગુજરાતની જનતા માટે સારો છે. લોકો વિરોધ કરે એનો વાંધો નાં હોય. અમારું કેડર અમારી સાથે છે. અમારી અપેક્ષા એક જ છે ભાજપ દેશહિતમાં કામ કરે એને ગતી મળે.

પાસ કન્વીનરો સહિત ૧૫૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા છે તેમાં જયેશ પટેલ - પાસ કન્વિનર, અમદાવાદ (કોર કમિટી સભ્ય).ઉદય પટેલ - પાસ કન્વિનર,મધ્ય ગુજરાત (કોર કમિટી સભ્ય).ધર્મેશભાઈ પટેલ - પાસ કન્વિનર, માણસા.યશ પટેલ - પાસ કન્વિનર, મહીસાગર જીલ્લા.રાધે પટેલ - પાસ કન્વિનર, ભરુચ જીલ્લા.બ્રિજેશ પટેલ - પાસ કન્વિનર, રાજકોટ.ભાવેશ પટેલ - પાસ કન્વિનર, ધાંગધ્રા.મિલનભાઈ કાવર - પાસ કન્વિનર, હળવદ.હિલ પટેલ - પાસ કન્વિનર, ગારીયાધાર.જીતેન્દ્ર પટેલ - પાસ કન્વિનર, શહેરા.ડાહ્યાભાઈ પટેલ - પાસ અગ્રણી, ગોધરા.શૈલીન પટેલ - વરણામા વડોદરા પાસ.ક્રિષ્ના પટેલ - પાસ કન્વિનર, વડોદરા.મૌલિક પટેલ - કન્વિનર - ઈડર, પાસ.મિત પટેલ - પાસ સોશીયલ મીડીયા કન્વિનર,શૈલેષ પટેલ - પાસ આગેવાન, ઉંઝા,ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા માહોલ ગરમાયો છે. ત્યારે હવે પક્ષપલટાની મોસમ જોરશોરથી ચાલી રહી છે. ચૂંટણી ટાણે જ હાર્દિક પટેલના ખાતામા એકસાથે ૧૫૦૦ પાસ કાર્યકર્તાઓનું સમર્થન આપ્યું છે. હાર્દિક પટેલ જૂન મહિનામાં ભાજપમાં જોડાયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.